RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 292, Dt.27-2-2025 Thursday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# સુરત કાપડ માર્કેટની આગ કાબુમાં: ૫૦૦ કરોડનું નુકશાન

## 30 કલાક બાદ કાપડ માર્કેટની આગ કાબૂમાં આવી: ગુંગળામણથી ૧નું મોત : આગના લબકારા: ધુમાડાથી ગોટેગોટા ચાલુ: ૪૦ ફાયર ફાઈટર સેવામાં: વેપારીઓ સ્તબ્ધ

**મુખ્ય સમાચાર, સુરત**

ગુજરાતના ઔદ્યોગિક શહેર સુરતમાં ભીષણ આગ લાગી છે. સુરતના કાપડ બજારમાં લાગેલી આગ ૨૪ કલાક પછી પણ કાબુમાં આવી શકી નથી. આના કારણે ૫૦૦ કરોડ રૂપિયાથી વધુનું નુકસાન થયું છે. ૮૦૦ થી વધુ દુકાનો બળીને રાખ થઈ ગઈ છે. ૩૫ થી વધુ ફાયર ફાઈટર આગ ઓલવવાનો પ્રયાસ કરી રહ્યા છે. લાખો લિટર પાણી રેડવા છતાં આગ ઓલવાઈ શકી નહીં. સુરત, બારડોલી અને નવસારીથી ફાયર ટીમો ઘટનાસ્થળે હાજર છે.

મોડી રાત્રે આગનું ભયાનક દ્રશ્ય સામે આવ્યું. ડ્રોન કેમેરાએ આગની ભીષણ જવાળાઓને કેદ કરી. વેપારીઓને આજે બજાર વિસ્તારમાં ન જવા અપીલ કરવામાં આવી છે. મેયર અને અન્ય અધિકારીઓ બપોરે ૩ વાગ્યા સુધી ઘટનાસ્થળે હાજર હતા. કુલ નુકસાન રૂ. ૫૦૦ કરોડથી વધુ થવાની શકયતા છે.

બજારમાં ૮૫૦ થી વધુ દુકાનો બળીને રાખ થઈ ગઈ છે. દુકાનો સળગતી જોઈને વેપારીઓ આંસુ વહાવતા જોવા મળ્યા. બુધવારે સવારે લગભગ ૭ વાગ્યે બજારમાં આગ લાગી હતી. ચીફ ફાયર ઓફિસર બસંત કુમાર પરીખે જણાવ્યું હતુ કે અંદરનું તાપમાન ખૂબ વધારે છે. કારણ કે ત્યાં ઘણો સામાન રાખવામાં આવ્યો હતો. બુધવારે સવારે ૮ વાગ્યાની આસપાસ અમને પહેલો ફોન આવ્યો. અમને ઈમારતના માળખાની સ્થિરતા વિશે ખાતરી નથી. અમે હાઈડ્રોલિક પ્લેટફોર્મનો ઉપયોગ કરીને બહારથી આગ ઓલવવાનો પ્રયાસ કરી રહ્યા છીએ. લગભગ ૫૦% દુકાનોમાં આગ લાગી ગઈ છે.

સુરત એક મોટું ઔદ્યોગિક શહેર છે. અહીં લાખો કામદારો નાની કંપનીઓમાં કામ કરીને પોતાનું ગુજરાન ચલાવે છે. આ આગને કારણે તેમના આજીવિકાને ગંભીર નુકસાન થયું છે. આગને કારણે વેપારીઓ તેમજ મજૂરોને મોટું નુકસાન સહન કરવું પડી શકે છે.

હાલ લગ્નની સિઝન ચાલી રહી છે જેને કારણે સુરત કાપડ વેપારના વેપારીઓ દ્વારા મોટા પ્રમાણમાં વિવિધ કાપડના જથ્થાનો સ્ટોક કરવામાં આવ્યો હતો. શિવશક્તિ ટેક્સટાઈલ



માર્કેટમાં ભભૂકેલી આગને ૨૪ કલાકથી વધારેનો સમય થયો છે. તે છતાં પણ હજુ પણ આ કાબુમાં નથી આવી. જેને લઈને ફાયર વિભાગની ૪૦ કરતા વધુ ગાડીઓ છેલ્લા ૨૪ કલાકથી આગ પર કાબુ મેળવવાનો પ્રયાસ કરી રહી છે.

દિવસ દરમિયાન આગને કારણે હિટ થયેલા બિલ્ડીંગમાં રાત્રી દરમિયાન ફાયર વિભાગના કર્મચારીઓ જીવના જોખમે કામ કરીને હાઈડ્રોલિક પ્લેટફોર્મની મદદથી મોડી રાત્રે માર્કેટને ચારે દિશામાંથી પાણીનો મારો કરી આગને બુઝાવવાનો પ્રયાસ કર્યો હતો.

જોકે આગને લઈ અત્યાર સુધીમાં ૫૦૦ કરોડ કરતાં વધુની નુકસાનની ભીતિ સેવાઈ રહી છે. ત્યારે વેપારીઓ દ્વારા આજનો દિવસ માર્કેટ બંધ રાખવા માટેનું એલાન પણ કરવામાં આવ્યું છે. આ આગ બુઝાવવા માટે અંદાજિત ૪૦ લાખ લિટર કરતા વધુ પાણીનો ઉપયોગ કરવા છતાં પણ આ કાબુમાં નથી આવી. આ આગને કારણે વેપારીઓને કરોડોનું નુકસાન થયું છે. ત્યારે આ વેપારીઓ મોડી રાત્રે માર્કેટની બહાર બેસીને રડતા પણ જોવા મળ્યા હતા. ૨૪ કલાક બાદ પણ આગ જે રીતે બેકાબૂ છે જેને લઈને સુરતના મેયર, ડેપ્યુટી મેયર મોડી રાત્રિ સુધી ઘટના સ્થળે હતા અને આગ પર કાબુ મેળવવા માટેના પ્રયાસો તંત્ર સાથે મળીને કરી રહ્યા હતા. આજે વહેલી સવારે પણ આગ બેકાબૂ જોવા મળી હતી.

આપને જણાવીએ કે, સુરતના શિવશક્તિ ટેક્સટાઈલ માર્કેટના બેઝમેન્ટમાં આવેલી ચારથી પાંચ દુકાનોમાં પહેલા આગ પ્રસરી હતી. ઘટનાને પગલે ૨૦થી વધુ ફાયર વિભાગની ગાડીઓ ઘટનાસ્થળે પહોંચીને આગ પર કાબૂ મેળવી લેવામાં આવ્યો હતો. આ ઘટનામાં ધુમાડામાં ગુંગળામણના લીધે એક વ્યક્તિનું મોત નીપજ્યું હતું.

# કર્મચારીઓને ઝટકો લાગશે? પ્રોવિડન્ટ ફંડના વ્યાજદરમાં ઘટાડો થવાની શકયતા

■ આવતીકાલે પીએફ ટ્રસ્ટી બોર્ડની બેઠકમાં નિર્ણય થશે




**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

ભારતમાં ઉંચા વ્યાજદરના દોર બાદ પાંચ વર્ષે રિઝર્વ બેંકે વ્યાજદરમાં ઘટાડો કર્યો હતો અને વધુ ઘટાડાના સંકેત છે ત્યારે હવે કર્મચારીઓને ઝટકો લાગી શકે છે. પ્રોવિડન્ટ ફંડના વ્યાજમાં ઘટાડો થવાના એંધાણ છે. પીએફ ટ્રસ્ટી બોર્ડની આવતીકાલે યોજાનારી બેઠકમાં આ નિર્ણય થઈ શકે છે.સેન્ટ્રલ બોર્ડ ઓફ ટ્રસ્ટી ઓફ એમ્પ્લોઈમેન્ટ પ્રોવિડન્ટ ફંડ ઓર્ગેનાઈઝેશનની બેઠક આવતીકાલે યોજાશે જેમાં સભ્ય કર્મચારીઓના પીએફના વ્યાજદર વિશે નિર્ણય લેવાશે. ૩૦ કરોડ કર્મચારીઓને વ્યાજદરની અસર થતી હોય છે. નિવૃતિ લાભ તરીકે કર્મચારીઓ દર મહિને પીએફ કપાત કરાવતા હોય છે અને આ રકમ પર વ્યાજ મળતુ હોય છે.સૂત્રોએ કહ્યું કે, વર્ષ દરમ્યાન પ્રોવિડન્ટ ફંડના દાવામાં વધારો થવા ઉપરાંત શેરબજારની મંદી તથા બોન્ડની આવકમાં ઘટાડાથી વ્યાજદરમાં ઘટાડાનો નિર્ણય થઈ શકે છે.પ્રોવિડન્ટ ફંડ સંગઠન દ્વારા ૨૦૨૪-૨૫ના નાણાકીય વર્ષ માટેના વ્યાજદરમાં વધારો કરીને ૮.૨૫ ટકા કર્યુ હતુ જે આગલા વર્ષમાં ૮.૧૫ ટકા હતુ.

# જીએસટી - કસ્ટમ એકટમાં પણ ધરપકડની સતા મર્યાદીત : ફોજદારી કાનુનોની સુરક્ષા લાગુ થશે

## જીએસટી એકટ હેઠળ કરદાતાની હેરાનગતી થતી હોવાની અનેક ફરિયાદો અમને મળી છે : નાગરીકોની સુરક્ષા મહત્વની

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

સુપ્રીમ કોર્ટે એક મહત્વના ચૂકાદામાં જે વ્યક્તિને ભારતીય ફોજદારી ધારા હેઠળ ધરપકડ સામે અદાલતોએ રક્ષણ આપ્યુ હોય તે આદેશ જીએસટી એકટ અને કસ્ટમ એકટ હેઠળ પણ લાગુ પડશે. જીએસટી અને કસ્ટમ એકટમાં જે ફોજદારી કાનૂન હેઠળ ધરપકડ સહિતની જે જોગવાઈ છે તેને પડકારતી રીટ અરજી સંદર્ભમાં અત્યંત મહત્વપૂર્ણ ચૂકાદો આપ્યો હતો.

નવા અમલમાં મુકાયેલ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા અથવા અગાઉ અમલી બનેલા કોડ ઓફ ક્રીમીનલ પ્રોસીજર હેઠળ કોઈપણ વ્યક્તિને અદાલતો જે કાંઈ ધરપકડ સામે આગોતરા જામીન સહિતની સુરક્ષા આપે તે જોગવાઈ જીએસટી એકટ અને કસ્ટમ એકટને પણ લાગુ પડે છે.

સુપ્રીમ કોર્ટે અગાઉ દિલ્હીના પુર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની પ્રિવેન્સન ઓફ મની લોન્ડ્રીંગ એકટ હેઠળ ધરપકડ કરી હતી તેમાં જે ધરપકડ માટેના યોગ્ય કારણો હોવાનું જરૂરી બતાવ્યુ હતું તે જ જોગવાઈ જીએસટી અને કસ્ટમ એકટને પણ લાગુ પડે છે.

પ્રિવેન્સ ઓફ મનીલોન્ડ્રીંગ એકટની કલમ ૧૦૪ની પેટાકલમ ૧૯(૧) હેઠળ સુપ્રીમ કોર્ટે ધરપકડની સતાના જે અધિકાર છે તેમાં આ સ્પષ્ટતા કરી હતી અને કહ્યુ હતું કે આ બાબત જીએસટી અને કસ્ટમ એકટને પણ લાગુ પડે છે. સુપ્રીમકોર્ટે જણાવ્યું હતું કે આ અંગે જીએસટી વિભાગ દ્વારા પરિપત્ર પણ જાહેર કરાયો છે. સર્વોચ્ચ અદાલતે એ દલીલ ફગાવી હતી કે કસ્ટમ અધિકારી એ પોલીસ અધિકારી સમકક્ષ સતા ધરાવે છે.

સુપ્રીમ કોર્ટે એ પણ નિશ્ચિત કર્યુ કે આગોતરા જામીન માટે જીએસટી એકટ અને કસ્ટમ એકટમાં કોઈપણ વ્યક્તિ તેની સામે એફઆઈઆર નોંધાઈ ન હોય તો પણ તે અદાલત સમક્ષ આગોતરા જામીન માટે અરજી કરી શકે છે. સુપ્રીમકોર્ટે નોંધ્યુ કે ટેક્ષ અધિકારીઓ કરદાતાની સતામણી કરે




છે તે ફરિયાદોમાં પણ ઘણું તથ્ય છે.

આ અંગે મળેલા ડેટાના આધારે અમે કહી શકીએ છીએ. જે તે વ્યક્તિને કરવેરા ભરવા માટે ફરજ પાડવામાં આવે છે અને આ વ્યક્તિ અદાલત સમક્ષ જઈ શકે છે. સર્વોચ્ચ અદાલતના મુખ્ય ન્યાયમૂર્તિ સંજીવ ખન્નાની ખંડપીઠે આપેલો આ ચુકાદો જીએસટી હેઠળ મહત્વપૂર્ણ સાબીત થશે. સુપ્રીમ કોર્ટે એ નોંધ્યુ કે જીએસટી એકટ હેઠળ કોઈ ખાનગી ફરિયાદ નોંધાઈ શકે નહી. ફકત શંકાના આધારે ધરપકડ થઈ શકે નહી.

# મહાકુંભ સંપન્ન : ૪૫ દિવસ દરરોજ સરેરાશ ૧.૪૭ કરોડ શ્રદ્ધાળુઓનું સ્નાન

## ૧૪૩ દેશો સુધી પહોંચ્યા પવિત્ર અક્ષય વટના પાંદડા અને ગંગાજળ

**મુખ્ય સમાચાર, પ્રયાગરાજ**

મહાકુંભ ૨૦૨૫ મહા શિવરાત્રીના સ્નાન પર્વની સાથે ગઈકાલે સંપન્ન થયો. આ મહાકુંભમાં દરરોજ સરેરાશ ૪૭ લાખ શ્રદ્ધાળુઓએ પાવન ત્રિવેણીમાં પુણ્યની ડૂબકી લગાવી હતી. એવા ઘણા દિવસો રહ્યા જેમાં કરોડોની સંખ્યામાં શ્રદ્ધાળુઓ આવ્યા. આ કુંભ એક રેકોર્ડ જ બની ગયો.

દુનિયાભરથી આવેલ મહાકુંભમાં આવીને માત્ર સૌથી મોટું આયોજન જોયું જ નહીં, બલ્કે સંગમની રજ અને ત્રિવેણીનું જલ પણ લઈ ગયા. દુનિયાના ૧૪૩ દેશોમાં પવિત્ર અક્ષયવટના પતા પહોંચી ગયા. ખાસ મહેમાનો માટે મેળા ઓથોરિટીની પહેલ પર ૨૦૦ ખાસ બોક્સ તૈયાર કરાવાયા હતા.

જેમાં પવિત્ર અક્ષયવટના પાંદડા અને સંગમના જલ એક કળશમાં ભરીને રાખવામાં આવ્યા હતા. છેલ્લા દિવસોમાં આવેલા ૭૩ દેશોના રાજદ્વારીઓ અને ૭૦ અન્ય દેશોમાંથી આવેલા અતિથિઓને આ બોક્સ ભેટ આપવામાં આવ્યા હતા. આ ઉપરાંત રાષ્ટ્રપતિ, વડાપ્રધાન અને અન્ય ગણમાન્ય મહેમાનોને આ બોક્સ ભેટ આપવામાં આવ્યા હતા.

મહા શિવરાત્રીએ બપોરે ૧.૩૦ વાગ્યે આકાશમાં વિમાનોનો અવાજ સાંભળીને શ્રદ્ધાળુઓ ચોંકી ગયા હતા. આ અવાજ સામાન્ય વિમાન કે શ્રદ્ધાળુઓ પર ફુલ વરસાવતા હેલિકોપ્ટરનો નહોતો. ગર્જના સાંભળ્યા બાદ શ્રદ્ધાળુઓએ આકાશ તરફ જોયું તો તેમની નજર ત્યાં જ ચોંટી ગઈ. વાયુસેનાના વિમાનોએ અદભૂત કરતબ દર્શાવ્યા હતા.

સુખોઈ વિમાને આકાશમાં ધુમાડાથી ત્રિશુલની આકૃતિ બનાવી હતી જે જોઈને સંગમમાં સ્નાન કરતા શ્રદ્ધાળુઓએ તાળીઓના ગડગડાટથી વધાવી હતી. સંગમ ક્ષેત્રમાં હર હર મહાદેવના નારા ગુંજી ઉઠયા હતા.

જયાં સુધી આકાશમાં વિમાન ઉડતા રહ્યા, સંગમની રેતી પર માનો બધું જ થંભી ગયું હતું. બધાની નજર આકાશમાં હતી. આસમાનમાં આ નજારો જોઈ શ્રદ્ધાળુઓએ મોબાઈલથી ઐતિહાસિક પવને કેમેરામાં કેદ કરી હતી.



મહાકુંભને આ વખતે ચાર હજાર હેકટરમાં વસાવાયું હતું. આગામી ૧૫ દિવસમાં બધી વ્યવસ્થાઓને હટાવવામાં આવશે. ડીએમ મહાકુંભનગર વિજય કિરન આનંદનું કહેવું છે કે હવે બધી વ્યવસ્થાઓને હટાવવામાં આવશે. મહાશિવરાત્રી માટેની વ્યવસ્થા આજે હટાવી લેવાશે. ક્ષેત્રફળ અને શ્રદ્ધાળુઓના હિસાબે અત્યાર સુધીનો સૌથી મોટો મહાકુંભ હતો. શહેરને પહેલીવાર સાત પાકા ઘાટની ભેટ મળી. ૩૭૪ પાર્કોનું નિર્માણ અને નવીનીકરણ ૧૩.૫ કિલોમીટરનો ગંગા પથ પહેલીવાર બનાવાયો. અક્ષય વટ, મોટા હનુમાન મંદિર, ભારદ્વાજ મુનિ આશ્રમ કોરિડોર બન્યો. શહેરમાં પહેલીવાર ફાઈવ સ્ટાર હોટેલ આવી ગઈ.


# આસામમાં ૫ ની તીવ્રતાનો ભૂકંપ દિલ્હી સુધી ધરા ધણધણી

**મુખ્ય સમાચાર,ગુવાહાટી**

ગઈકાલે મધરાત્રે ૨-૨૫ કલાકે આસામનાં મોટીગાંવમાં ૫ રિકટર સ્કેલની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. જેની અસર આસામ, મેઘાલય, પશ્ચિમ બંગાળ અને દિલ્હી એનસીઆર સુધી અનુભવાઈ હતી. ગુવાહાટી, નગાંવ અને તેજપુરમાં ભારે ઝટકાથી લોકો ઉંઘમાંથી જાગી ગયા હતા.

નેશનલ સેન્ટર ફોર સીસ્મોલોજી (એનસીએસ)ના અનુસાર ભુકંપનું કેન્દ્ર મોરીગાંવ હતું અને ઉંડાઈ ૧૬ કિલોમીટર હતું. અડધી રાત્રે અચાનક ભૂકંપથી લોકો ભયભીત થઈને ઘરની બહાર નીકળી ગયા હતા.

ગુવાહાટી, નગાંવ, તેજપુરમાં ઝટકા વધુ ભારે હતા. તો કયાંક



હળવા આંચકા હતા જોકે હજુ સુધી કોઈ મોટા નુકશાન કે જાનહાનીનાં ખબર નથી. ભૂકંપની સૌથી વધુ અસર આસામમાં જોવા મળી હતી સોશ્યંલ મિડીયા પર અનેક યુઝર્સે લખ્યું કંપન એટલુ જબરજસ્ત હતું કે પંખા અને બારીઓ હલવા લાગ્યા હતા.

ભૂકંપની અસર દિલ્હી-એનસીઆર સુધી પહોંચી હતી. દિલ્હી અને આસપાસના અનેક વિસ્તારો નોઈડા, ગુરૂગ્રામ અને ફરીદાબાદમાં પણ ભૂકંપના હળવા આંચકા આવ્યા હતા. જોકે કંપન વધુ તીવ્ર નહોતું. એટલે મોટા ભાગના લોકો અનુભવી ન શકયા.

# આવશ્યક ચીજોની ખરીદીનાં બીલ સહિતની માહિતી આપવા કરદાતાને નોટીસ

**મુખ્ય સમાચાર,નવી દિલ્હી**

આવકવેરા સહિતની ટેકસ પ્રણાલીને સરળ બનાવવા માટે સરકાર વખતોવખત સુધારા કરી જ રહી છે. આવકવેરાને લાગે વળગે છે ત્યાં સુધી તાજેતરમાં નવુ ઈન્કમટેકસ બીલ પેશ કરાયુ હતું.આ કાયદાનો અમલ સરળ-ઝંઝટ મુકત બનાવાયાનો દાવો કરાયો છે ત્યારે સોશ્યલ મીડીયામાં વર્તમાન આવકવેરા કાયદા ૧૯૬૧ ની કલમ ૧૪૨ (૧) ની જોગવાઈ અને તે હેઠળ માંગવામાં આવેલી વિગતો-કાર્યવાહી વાયરલ થઈ છે.

આવકવેરા રિટર્નમાં ઘર ખર્ચ ઘણો ઓછો દેખાડવા બદલ પરિવારનાં સભ્યોની સંખ્યાથી માંડીને અનાજ-કરીયાણા તથા ઘર વપરાશમાં સામેલ ચીજો પાછળ કરાયેલા ખર્ચના બીલોની માંગણી કરવામાં આવી હોવાનું સુચવાય છે.સોશ્યલ મીડીયામાં વાયરલ મેસેજ મુજબ કરદાતા પાસેથી આવકવેરા કાયદા ૧૯૬૧ ની કલમ ૧૪૨ (૧) હેઠળ ઝીણામાં ઝીણી વિગતો માંગવામાં આવી છે. નોટીસમાં એમ કહેવાયું છે કે રિટર્નમાં ઘરખર્ચ ખુબ જ ઓછો દર્શાવાયો છે. એટલે પરિવારનાં સભ્યોની સંખ્યા, તેમની માહિતી, પાનનંબર તથા તમામની વાર્ષિક આવક રજુ કરવામાં આવે.

આ સિવાય ઘઉંના લોટ, ચોખા, મસાલા, ખાદ્યતેલ, ગેસ, વિજળી, કપડા,ચપ્પલ-બુટ, બુટપોલીસ, હજામ, કોસ્મેટીકસ, પરફયુમ, સામાજીક કાર્ય ખર્ચ, સ્કુલ ફી, ભાડુ, કાર ખર્ચ, મકાન, વીમો સહીતનાં ખર્ચના ચીગના તથા ભાવ સહીતની માહીતી રજુ કરવાની રહેશે.

નોટીસમાં છેલ્લે એમ કહેવાયું છે કે માહિતી ન આપવા બદલ તંત્ર ૧૦ લાખનો ખર્ચ ગણીને કાર્યવાહી કરશે. કરવેરા નિષ્ણાંતો, જોકે આ વાયરલ




નોટીસને શંકાસ્પદ ગણી રહ્યાછે તંત્રને વિવિધ માહિતી માગવાનો અધિકાર છે પરંતુ આટલી હદે ન માંગે તેવો સુર છે. કરવેરા નિષ્ણાંતોએ સોશ્યલ મીડીયામાં વાઈરલ ઈન્કમટેકસ નોટીસને શંકાસ્પદ-બનાવટી ગણાવી છે અને ઓનલાઈન છેતરપીંડી કૌભાંડનો ભાગ હોવાની શંકા દર્શાવી છે.નિષ્ણાંતોએ કહ્યુ કે, સાચી લાગતી નોટીસમાં રીટર્ન-આકારણી વર્ષનો ઉલ્લેખ ન હોવા સહિતની ટેકનીકલ ભુલો છે. નોટીસમાં વર્ષ દર્શાવાતુ જ હોય છે. ઉપરાંત નોટીસમાં વ્યાકરણ ભુલો પણ છે જે ભાગ્યે જ થતી હોય છે. વાળ કાપવા, પરફયુમ જેવી ચીજો પાછળનો ખર્ચ માંગવામાં આવે તે પણ ગળે ઉતરે તેમ નથી. આવકવેરા વિભાગ આવક-ખર્ચની માહિતી માંગી શકે પરંતુ આટલી હદે વિગતો ન માંગો. આ ઉપરાંત ૧૦ લાખનો ખર્ચ ગણતરીમાં લઈ લેવાની ચેતવણીમાં ૧૦ લાખની રકમ પણ અતિશ્યોક્તિભરી છે. સામાન્ય રીતે તંત્ર પુરાવાના આધારે જ આવકની ગણતરી કરતુ હોય છે.

# પાકિસ્તાન નિષ્ફળ, દાન પર નભનારો દેશ : ભારતે કરી ડિપ્લોમેટીક ધોલાઈ

**મુખ્ય સમાચાર,ન્યુયોર્ક**

ચેમ્પીયન ટ્રોફીમાં વિરાટ કોહલીની શાનદાર સદીથી મળેલા પરાજયના ઘાવ હજુ પાક અનુભવી રહ્યું છે તો ડિપ્લોમેટીક મોરચે પણ સંયુક્ત રાષ્ટ્રસંઘમાં પાકની જબરી ધોલાઈ કરી છે અને આ મેચની જીનીવા ખાતેની સંયુક્ત રાષ્ટ્રસંઘ માનવ અધિકાર પરિષદમાં પાક પ્રતિનિધિએ કાશ્મીર સહિતના મુદે માનવ અધિકારને આગળ ધરીને ભારત પર જે આક્ષેપો કર્યા.

તેના આકરો જવાબ આપતા ભારતના પ્રતિનિધિએ પાકને તેના મનઘડત વિચારમાંથી બહાર આવવાની સલાહ આપી હતી અને કહ્યુ કે લોકતાંત્રીક મુલ્યોનું ઉલ્લંઘન અને લઘુમતીઓ પર અત્યાચારો પાકની નીતિનો એક ભાગ રહ્યો છે તે સંયુક્ત રાષ્ટ્રસંઘ દ્વારા જે પ્રતિબંધીત જાહેર કરાયા છે.

તે આતંકી સંગઠન અને આતંકવાદીઓને આશરો આપે છે અને તે ભારતને ઉપદેશ દે નહી તે સારૂ ગણાશે અને પાકિસ્તાન આ રીતે આ સમીટનો સમય બર્બાદ કરે છે. આ માનવ અધિકાર પરિષદના ૫૦માં સત્રની સાતમી બેઠકમાં ભારતના સ્થાયી પ્રતિનિધિ ક્ષિતિજ ત્યાગીએ કહ્યું એ દુઃખદ છે કે પાકિસ્તાની નેતાઓ અને પ્રતિનિધિઓ તેના સૈન્યના આતંકવાદી સમૂહ પ્રત્યેની સહાનુભૂતિ દર્શાવીને જૂઠ ફેલાવે છે.

ત્યાગીએ પાકિસ્તાન જૂઠ ફેલાવનારો દેશ છે તે આંતરરાષ્ટ્રીય દાન પર નભે છે તેની બયાનબાજી એ પાખંડુ અમાનવીયતા અને અસક્ષમતાથી ભરેલી છે. ભારત એ લોકતાંત્રીક, પ્રગતિ અને તેના લોકો માટે સન્માન સુરક્ષિત



કરવા પર કેન્દ્રીત છે.

પાકે તે મુલ્યોને શિખવા જોઈએ. પાકે એ સમજી લેવુ જોઈએ કે જમ્મુ-કાશ્મીર અને લદાખ એ કાયમ ભારતના જ હીસ્સો રહેશે. ત્યાગીએ પાકમાં માનવ અધિકારોના ભંગ, લઘુમતીઓ પર અત્યાચાર, લોકતાંત્રીક મુલ્યોનો હાંસ તે તેની વિદેશ નીતિનો ભાગ છે. અમો પાક પ્રયોજીત ત્રાસવાદી પીડિત ક્ષેત્રમાં સામાન્ય સ્થિતિ બનાવવા પ્રયત્નશીલ છીએ. પાકે આ બેઠકમાં ભારત સામે જે ઝેર ઓકયુ હતુ તેનો જવાબ દેવાનો ભારતને અધિકાર મળે છે તે મુજબ આ જવાબ આપ્યો છે.

## મોરબીમાં મ્યુઝિયમ નિર્માણ માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સમક્ષ રજૂઆત



મોરબીના એડવોકેટ દર્શન દવે અને એડવોકેટ મિતેશભાઈ દવેની ટીમે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સાથે વિધાનસભા કાર્યાલયમાં મુલાકાત કરી હતી. આ મુલાકાત દરમિયાન મોરબીમાં મ્યુઝિયમ નિર્માણ માટે રજૂઆત કરી, અને સાંસ્કૃતિક વારસાના સંરક્ષણ તથા પ્રાદેશિક વિકાસના ફાયદાઓ અંગે વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી. મોરબીના એડવોકેટ દર્શન દવે તેમજ એડવોકેટ મિતેશભાઈ દવેની ટીમના સભ્યો સાથે મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ સાથે વિધાનસભા કાર્યાલયમાં મુલાકાત કરી હતી, આ તકે મોરબીમાં એક સંગ્રહાલયના નિર્માણ માટે રજૂઆત કરવામાં આવી અને તેના સંભવિત લાભો, સાંસ્કૃતિક વારસાનું સંરક્ષણ તથા પ્રાદેશિક વિકાસમાં યોગદાનના વિવિધ પાસા પર વિગતવાર ચર્ચા કરી હતી. આ ચર્ચાનો મુખ્ય ઉદ્દેશ એ હતો કે સંગ્રહાલય માત્ર આપણી સમૃદ્ધ ઐતિહાસિક વારસાને સંગ્રહિત ન કરે, પરંતુ પર્યટન અને સ્થાનિક વિકાસને પણ એક નવી દિશા પણ પ્રદાન કરશે તેમ યાદીમાં જણાવવામાં આવ્યું હતું.

## મોરબીમાં નવમો સર્વ જ્ઞાતિ સમૂહ લગ્નોત્સવ યોજાયોઃ ૨૫ યુગલોએ પ્રભુતામાં પગલાં માંડ્યા

### વાત્સલ્ય એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સમૂહ લગ્ન યોજાયા, દાતાઓના સહયોગથી નવદંપતીઓને ૭૫ થી વધુ ઘરવખરીની ભેટ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

મોરબીમાં ૨૩ ફેબ્રુઆરી ૨૦૨૫ના રોજ ઝાલા રાજપૂત ક્ષત્રિય સમાજ વાડી ખાતે વાત્સલ્ય એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ અને હિતમ ચેરીટેબલ ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે નવમા સર્વ જ્ઞાતિ સમૂહ લગ્નોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ સમૂહ લગ્નમાં ૨૫ યુગલોએ લગ્ન બાંધી, દાતાઓના સહયોગથી તેઓને ૭૫ થી વધુ ઘરવખરીની સામગ્રીઓ ભેટ આપવામાં આવી હતી. મોરબીમાં છેલ્લા ૧૪ વર્ષથી શિક્ષણ, આરોગ્ય અને સામાજિક ક્ષેત્રે સેવાભાવથી કાર્યરત વાત્સલ્ય એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ અને હિતમ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ૨૩ ફેબ્રુઆરી ૨૦૨૫ ના રોજ ઝાલા રાજપૂત ક્ષત્રિય સમાજ વાડી, શક્ત શનાળા ખાતે નવમાં સર્વ જ્ઞાતિ સમૂહ લગ્નોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સમૂહ લગ્નમાં ૨૫ યુગલોએ લગ્નગ્રંથિથી બંધાયને, નવો સંસાર શરૂ કર્યો હતો. દાતાઓના ઉદાર સહયોગથી દરેક નવદંપતીને ૭૫ થી વધુ ઘરવખરીની વસ્તુઓ, સોનાં-ચાંદીના આભૂષણો અને ઉપયોગી સામગ્રીઓ ભેટ સ્વરૂપે આપવામાં આવી હતી. જેમાં પ્રથમ કાંતિભાઈ અમૃતિયા રૂ.૫૫,૫૫૫/-, જમનાદાસજી પ્રસાદ દાન, મુસ્કાન વેલ્ફેર સોસાયટી મોરબી દ્વારા તમામ કન્યાઓને વસ્ત્રદાન પેટે રૂ.૪૧,૦૦૦/-, કન્યાદાન દાતા તરીકે હેતલબેન પટેલ (અનસ્ટોપેબલ વોરિયર્સ ગ્રુપ), ગીરીશભાઈ સરૈયા, ડો. શૈલેષ પટેલ, ડો. અલ્કેશ પટેલ, રમેશભાઈ સોલંકી, મનોજભાઈ કવાડીયા, ડો. હર્ષદ મહેશ્વરી, જયભાઈ ભોરાણીયા રૂ.૨૫,૫૫૫/- આપવામાં આવ્યા હતા. જ્યારે લગ્નોત્સવ કરિયાવર દાતા તરીકે ડો. મિલન ઉઘરેજા અને ડો. હિરેન કારોલીયા દ્વારા રૂ.૧૫,૫૫૫/- આ સિવાય અન્ય રોકડ દાતામાં સતિષભાઈ કલોલ, મેઘજીભાઈ હીરાભાઈ ચૌહાણ, ડો. અર્જુન સુવાગિયા, અજયભાઈ લોરીયા, દિનેશભાઈ પરમાર, પ્રવીણભાઈ રાજાણી રૂ.૧૧,૧૧૧/-સહયોગ રૂપે આપવામાં આવ્યું છે. જ્યારે મામેરા દાનના રૂ.૯,૯૯૯/- ના દાતા તરીકે અનિલભાઈ દલપતભાઈ મકવાણા, હરિભાઈ આદ્રોજા, ડો. હિતેશ પટેલ, ડો. રાકેશ પટેલ, ડો. અરવિંદ મેરજા, ડો. વિપુલ માલાસના, બાબુભાઈ પરમાર, ડો. નીતાબેન ઠક્કર, ડો. જયેશ સનારીયા, ડો. પરેશ લાખાણી, બ્લડ બેન્ક દ્વારા સહયોગ આપવામાં આવ્યો હતો. વધુમાં વાત્સલ્ય એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ



ટ્રસ્ટ મોરબી દ્વારા તમામ કન્યાઓને લગ્ન નોંધણી અને સરકારશ્રી દ્વારા આપવામાં આવતી રૂ.૨૪,૦૦૦ સહાય (રૂ.૧૨,૦૦૦ સાત ફેરા સમૂહ લગ્ન સહાય અને રૂ.૧૨,૦૦૦ કુંવરબેન મામેરુ) સરકારી સહાય મેળવવામાં મદદ કરવામાં આવી હતી.ત્યારે આ સમૂહ લગ્નને સફળ બનાવવા વાત્સલ્ય એજ્યુકેશન ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખ ડો. પરેશકુમાર પારીઆ, ઉપપ્રમુખ નંદની પારીઆ, મહામંત્રી જ્યોતિબેન ચાવડા, ગિરધરભાઈ પરમાર, ચંદુભાઈ પરમાર, દિપ્તીબેન સાનેપરા, દિનેશ પુરાણી તેમજ હિતમ ચેરીટેબલ ટ્રસ્ટ ના પ્રમુખ ડો. હાર્દિક જેસવાણી, ડો. મિલન ઉઘરેજા, ધર્મેન્દ્રસિંહ ઝાલા, સાગર જેસવાણી, પ્રફુલભાઈ પરમાર, ઈશાન જેસવાણી, સહદેવસિંહ ઝાલા, પારસભાઈ સંઘવી, ડો. સંજય નિમાવત, ડો. પ્રકાશ ભગોરા અને સ્વયંસેવકોએ વિશેષ જહેમત ઉઠાવી હતી.

## મહા શિવરાત્રિ નિમિતે ઉપલેટામાં હર-હર મહાદેવના નાદ સાથે ઠેર-ઠેર ભવ્ય ઉજવણી તેમજ વિશેષ પ્રસાદનું થયું આયોજન

### બપોરે શ્રી વિશ્વનાથ મહાદેવ મંદિરે તેમજ રાત્રે શ્રી બડા બજરંગ શ્રી રામ મંદિર ખાતે વિશેષ આયોજન કરાયું

**મુખ્ય સમાચાર, ઉપલેટા**

ઉપલેટામાં મહાશિવરાત્રીના પાવન પર્વની ધામધૂમ પૂર્વક ઉજવણી કરવામાં આવી હતી જેમાં મહાશિવરાત્રીના પાવન પર્વ નિમિત્તે વિવિધ શિવ મંદિરોના શિવલિંગને સ્વયંસેવકો તેમજ સહયોગીઓ દ્વારા વિશેષ રૂપે શણગાર કરવામાં આવ્યો હતો જેમાં આ શણગારની સાથે-સાથે વિવિધ શિવ મંદિરોની અંદર મહા આરતી તેમજ ભાંગનો પ્રસાદ વિતરણ કરવામાં આવ્યો હતો તો ઘણી જગ્યા ઉપર બપોરના સમયે ફરાળની પ્રસાદીનું પણ સેવકો દ્વારા વિશેષ આયોજન કરવામાં આવ્યું હતું ત્યારે દિવસ દરમિયાન વિવિધ શિવ મંદિરોમાં મહા આરતીનો અને ભાંગના પ્રસાદનો લાભ લેવા ભક્તોનું ખોડાપુર ઉમટી પડ્યું હતું.

ઉપલેટા શહેરના કિલોલ સ્કૂલ પાસે આવેલા શ્રી વિશ્વનાથ મહાદેવ મંદિરના પટાંગણમાં શિવ ભક્ત ધર્મેન્દ્રસિંહ જાડેજા પરિવાર તરફથી છેલ્લા આઠ વર્ષથી કરવામાં આવી રહેલ આયોજનના ભાગરૂપે બપોરના સમયે વિશેષ રૂપે ફરાળનું આયોજન કરવામાં આવે છે તો ઉપલેટા શહેરના દ્વારકાધીશ સોસાયટી વિસ્તાર પાસે આવેલા શ્રી બડા બજરંગ શ્રીરામ મંદિર ખાતે બિરાજમાન શ્રી બિલેશ્વર મહાદેવને પણ વિશેષ પુષ્પોનો શણગાર કરવામાં આવ્યો હતો જેમાં મહાદેવના મોટા સેવક તરીકે અને ખુદ મહાદેવ તરીકે છાપ ધરાવતા અને ઉપલેટા બ્રહ્મ સમાજના પ્રમુખ જીગ્નેશભાઈ વ્યાસ ઉર્ફે મહાદેવ તેમજ તાજેતરની ઉપલેટા નગરપાલિકાની ચૂંટણીમાં સદસ્ય તરીકે જંગી મત મેળવી વિજેતા થનાર તેમના પત્ની જીજ્ઞાબેન વ્યાસ પરિવાર



અને તેમના સહયોગીઓ અને સેવકો દ્વારા રાત્રીની મહા આરતી બાદ વિશેષ રૂપે ફરાળનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત ઉપલેટા મોજ નદી કાંઠે આવેલ અને પૌરાણિક શ્રી સોમનાથ મહાદેવ મંદિર ખાતે સંધ્યા આરતીનું પણ વિશેષ આયોજન કરવામાં આવ્યું હતું જેમાં શિવભક્તો ઉમટી પડ્યા હતા અને મહાશિવરાત્રી નિમિત્તે દરેક શિવ મંદિરો હર-હર મહાદેવના નાદ સાથે ગુંજી ઉઠ્યા હતા.

## જામનગરમાં ૪૪મી શિવ શોભાયાત્રા યોજાઈઃ હર્ષોલ્લાસ સાથે ભક્તો જોડાયા





જામનગર શહેરમાં મહાશિવરાત્રી નિમિત્તે ૪૪મી શિવ શોભાયાત્રાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું. સિદ્ધનાથ મહાદેવ મંદિરથી હિન્દુ ઉત્સવ સમિતિ અને મહાદેવ હર મિત્ર મંડળના નેતૃત્વમાં શોભાયાત્રાનો પ્રારંભ થયો.આ પ્રસંગે ભગવાન શિવને ખાસ ચાંદીની પાલખીમાં બિરાજમાન કરવામાં આવ્યા. પાલખીની વિશેષતા એ છે કે તેના પર સોનાનું છત્ર છે. શોભાયાત્રા દરમિયાન ડમરુ અને ઝાલરનો નાદ ગુંજતો રહ્યો. વિવિધ સ્થળોએ શરબત પ્રસાદનું વિતરણ કરવામાં આવ્યું.છોટી કાશી તરીકે જાણીતા જામનગરમાં છેલ્લા ૪૩ વર્ષથી આ શોભાયાત્રાનું આયોજન થાય છે. આ વર્ષે મુસ્લિમ સમાજે પણ ઉત્સાહભેર ભાગ લીધો. તેમણે પાલખી ઊંચકી અને હર હર મહાદેવના નાદ બોલાવ્યા. મુસ્લિમ સમાજે ભગવાન શિવને ૨૧ હજાર રૂપિયાનો હાર પણ અર્પણ કર્યો.શોભાયાત્રામાં મેયર વિનોદ ખીમસુરીયા, સહિત અનેક રાજકીય નેતાઓ જોડાયા. સંતો-મહંતો અને સ્વયંસેવકોએ ઝભ્ભો અને પીતાંબરી ધારણ કરી હતી.શહેરના મુખ્ય માર્ગો પર વિવિધ સંસ્થાઓએ આકર્ષક ફ્લોટ્સ મૂક્યા હતા. ચાંદીની પાલખીમાં બિરાજેલા આશુતોષની ઝાંખી શોભાયાત્રાનું મુખ્ય આકર્ષણ બની રહી.

## મોરબીમાં એકટીવામાં દેશી દારૂની હેરાફેરી કરતા બે પકડાયા,દહાડી આપનાર સહિત બે ઈસમના નામ ખુલ્યા

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબીમાં હાલ યુવાધન કેફી પ્રવાહી પીવાના અને વેચાણના રવાડે ચડ્યું હોવાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે, જેમાં દેશી દારૂ વેચાણ કરવાના રોજના ૧૦૦૦ રૂપિયા દહાડી આપી યુવકો પાસે ગેરકાયદેસર પ્રવૃત્તિ કરાવવામાં આવતી હોવાનું સામે આવ્યું છે, ત્યારે તાલુકા પોલીસે મોરબીના પીપળી ગામ નજીક એકટીવા ઉપર દેશી દારૂનો જથ્થો વેચાણ કરવા નીકળેલ બે શખ્સોને ઝડપી લીધા હતા, જયારે પકડાયેલા બન્ને આરોપીની પુછતાછમાં દેશી દારૂનો જથ્થો આપનાર તથા માલ વેચાણ માટે દહાડી આપનાર બંને ઈસમોના નામની કબુલાત આપતા તાલુકા પોલીસે કુલ ચાર આરોપીઓ સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી મુજબ, મોરબી તાલુકા પોલીસ પેટ્રોલિંગમાં હોય



તે દરમિયાન પીપળી ગામની સીમમાં સિસમ ગ્રેનાઈટો કારખાના સામે એકટીવા મોપેડ ઉપર સવાર બે ઈસમો શંકાસ્પદ હાલતમાં ત્યાંથી પસાર થતા પોલીસે એકટીવા રોકી તલાસી લેતા એકટીવામાં ૨૭ લીટર દેશી દારૂ મળી આવ્યો હતો. જેથી પોલીસે એકટીવા ચાલક આરોપી સાગરભાઈ જગદીશભાઈ પંડ્યા ઉવ.૨૧ રહે.મોરબી રણછોડનગર તથા સચિનભાઈ ભરતભાઈ અદગામા ઉવ.૧૯ રહે.કાલિકા પ્લોટ શેરી નં.૩ વાળાની અટકાયત કરવામાં આવી હતી, ત્યારે બન્ને આરોપીઓની પ્રાથમિક પૂછપરછમાં આરોપી આરીફશા આલમશા રહે.મોરબી વીસીપરા વાળો આ દેશી દારૂનો જથ્થો આરોપી તોફિકભાઈ ગુલામભાઈ સુમરાને આપી ગયો હોય અને તોફિકભાઈ સુમરા આ દેશી દારૂ નું વેચાણ કરવા રોજના રૂ.૧૦૦૦/- પકડાયેલ આરોપીઓને આપતો હોવાનું જણાવ્યું હતું, ત્યારે પોલીસે એકટીવા તથા દેશી દારૂનો જથ્થો સહિત કુલ રૂ.૫૦,૪૦૦/-નો મુદ્દામાલ જપ્ત કરી ચારેય આરોપીઓ સામે પ્રોહી.એક્ટ હેઠળ ગુનો નોંધી હાજર નહીં મળેલ આરોપીઓને પકડી લેવા શોધખોળ શરૂ કરી છે.

## જામનગરમાં ૧૦૮ની ટીમ દ્વારા પ્રમાણિકતાનું ઉદાહરણ પૂરું પાડ્યું



એક ઈજાગ્રસ્ત દર્દીની ૬૯ હજારની રોકડ તેના પરિવારને બોલાવીને સુપ્રત કરી.જામનગરના જનતા ફાટક વિસ્તારના લોકેશનની ૧૦૮ ની ટીમને બપોરના સમયે એક કોલ મળ્યો હતો. જેમાં મોખાણા પાટિયા પાસે મહેશભાઈ ફલીયા પોતાના બાઈક પર થી સ્લીપ થઈ ગયા હતા .જેમાં તેમને માથાના ભાગે અને મોઢા પર ઈજા થવાથી બેહોશ થઇ ગયા છે. કોઈ રાહદારીએ ૧૦૮ માં કોલ કરીને તાત્કાલિક આવવા જણાવ્યું હતું. જેમાં ૧૦૮ ના જનતા ફાટક ના કર્મચારી ઈએમટી અભિષાબેન ડાંગર અને પાયલોટ સુખદેવસિંહ વાળા સમયસર ઘટના સ્થળે પહોચી ગયા હતા.અને જરૂરી સારવાર કરતાં મહેશભાઈ પાસે થી ૬૯૦૦૦ રુપિયા રોકડા અને મોબાઈલ મળી આવ્યા હતા.જેની સૂચના તેમના પરિવાર ને કરીને જી. જી. હોસ્પિટલમાં બોલાવી લઈ ઈજાગ્રસ્ત ની પુત્રી ને રોકડ રકમ અને મોબાઈલ આપી પોતાની ઈમાનદારી અને કાર્યનિષઠા નું પ્રમાણ આપ્યું હતું. જેથી દર્દી ના સગા એ ૧૦૮ ના સ્ટાફ નો આભાર માન્યો હતો.

## શિવ રથયાત્રાનું યાજ્ઞિક રોડ ખાતે શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા ભવ્ય સ્વાગત કરાયું



**મુખ્ય સમાચાર,રાજકોટ**

દશનામ ગોસ્વામી સમાજ સનાતન હિંદુ ધર્મની શિવ રથયાત્રા ગઈકાલે મહાશિવરાત્રીના પવિત્ર દિવસે ૧૩ માં વર્ષે કોઠારીયા રોડ પરના કમલેશ્વર મહાદેવ મંદિર નથી પ્રસ્થાન થયેલી રથયાત્રા યાજ્ઞિક રોડ ખાતેના જાગનાથ મંદિર પાસેના ચોકમાં આવેલ ત્યારે રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા શિવ યાત્રાના મુખ્ય રથનું ફલહારથી સ્વાગત કરી પુષ્પાંજલિ કરવામાં આવી હતી. આતો કે હર હર મહાદેવ, બમ બમ ભોલે ના નારા સાથે લગાવ્યા હતા. સ્વાગત કાર્યક્રમમાં રાજકોટ શહેર કોંગ્રેસ પ્રમુખ અતુલ રાજાણી, રાજકોટ મહાનગરપાલિકાના વિપક્ષી નેતા વશરામભાઈ સાગઠીયા, વિરાણી નાગજીભાઈ પટેલ, જશવંતસિંહ ભટ્ટી, મયુર શાહ, જેંતીભાઇ હિરપરા, ગૌરવભાઈ પુજારા, દીપુબેન રવૈચા, જીતુભાઈ ઠાકર, દર્શન ગોસ્વામી, અક્ષાંશ ગોસ્વામી, નિલેશભાઈ વિરાણી, બીપીનભાઈ રાઠોડ, અમિતભાઈ ઠાકર, નયનાબા જાડેજા, શૈલેષભાઈ મહેતા, જીગ્નેશભાઈ બોરડ, ગજેન્દ્રસિંહ ઝાલા સહિતના આગેવાનો કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

## ભવનાથમાં મૃગીકુંડમાં સંતોના શાહી સ્નાન સાથે મેળાની પૂર્ણાહુતિ

### રવેડીના રૂટને ગંગાજળથી પવિત્ર કરાયો; રાતે રવેડીમાં નાગા સાધુઓના હેરતભર્યા અંગ કસરતના દાવ નિહાળવા હજારોની સંખ્યામાં ભાવિકો ઉમટયા

**મુખ્ય સમાચાર,જૂનાગઢ**

જુનાગઢ મહા શિવરાત્રીની રાત્રીના રવેડી બાદ શાહીસ્નાન સાધુ સંતો નાગા સાધુઓ સાધવીઓ કિન્નારોએ મૃગી કુંડમાં સ્નાન કરી વિધીવત રીતે મેળાની પૂર્ણાહુતિ કરવામાં આવી હતી. અંતિમ દિવસે આઠેક હજાર ભાવીકો મેળામાં ઉમટી પડયા હતા. ગઈકાલે રવેડીના દર્શન કરવા લોકો બપોરના ધોમ ધખતા તાપમાં રોડની બન્ને સાઈડમાં અબાલ વૃધ્ધ બાળકો મોડી રાત સુધી બેસી રહ્યા હતા.

રવેડી પરંપરાગત રવેડીમાં નાગા સાધુઓના અંગ કસરતના દાવો, હરકતભર્યા લાઠી-તલવાર ઈન્દ્રી સાથે વીંટીં તેના ઉપર અન્ય નાગા સાધુઓ ઉપર ચડી દાવો જોવા લોકો પડાપડી કરી રહ્યા હતા. તેમજ ટ્રેકટરના બોનેટ ઉપર ચડી તલવારબાજી લાઠી દાવ ખેલતી દિગંબર સાધુઓએ લોકોને અવાચક કરી દીધા હતા. અનેક સાધુઓ ભીડને હટાવવા ચીપીયા લાકડીઓના ઘા મારી લોકોને આડેધડ માર મારતા જોવા મળતા હતા. નાગા સાધુ ગીર કામઠા, તલવાર, લાઠી સાથે સફેદ ઘોડા ઉપર બેસી સાથે બબ્બે કુતરાઓને રવેડી રૂટ પર ફરતા જોવા લોકોની કતારો જોવા મળતી હતી. રવેડી રૂટ પરના રોડને સપાઈ કામદારો મનપા દ્વારા સફાઈ કરી કચરાના ઢગ ચપ્પલો કાગળો- પ્લાસ્ટીકની બોટલોથી રોડ રસ્તાઓને ચોખ્ખા કર્યા બાદ ગંગાજળથી રવેડી રૂટને પાણીનો મારો ચલાવી ધોયા બાદ રંગબેરંગી રંગોલીઓથી સુશોભિત કરાયા હતા.

બપોરના ૧૨ કલાક બાદ ભરડાવાવથી તમામ વાહનોને નો એન્ટ્રી કરી







(તસ્વીરઃ આનંદ જાવિયા)

પગપાળા ચાલીને ૫ કી.મી. તળેટીમાં જવું ફરજીયાત કરી દેવાયું હતું.

નવ કલાકે રવેડીઃ રાત્રીના પૂજન અર્ચન આરતી ભવનાથ મંદિર, પંચદશનામ અખાડા ખાતેતી રવેડી નવ કલાકે બેન્ડવાજા, ઢોલ, નકારા, વાજીંત્રો સાથે નીકળી હતી તેમાં દરેક અખાડાઓના મહા મંડલેશ્વરો, ગાદીપતિઓ, થાનાપતિઓ સંતો મહંતો પોતાના ઈષ્ટદેવના ફોટા, નીશાન સાથે રાખી હરહર મહાદેવ બમબમ ભોલેના નાદ સાથે મુખ્ય રોડ પર આવી હતી. ટ્રેકટરોમાં શણગાર પર ગજની ધ્વજાને પકડી સેવકો રવેડીમાં જોડાયા હતા. પંચ દશનામ જુના અખાડા ખાતેથી પ્રારંભ થયેલ રવેડી દત્તાત્રેય ભગવાન સાથે આહવાન અખાડાના આરાધ્યદેવ ગણેશજી અહીન અખાડાના ઈસ્ટ દેવ માં ગાયત્રી માતાજી કિન્નર અખાડાના માતાજી બહુચરાજીની પાલખીઓ જોડાઈ હતી. રવેડીમાં અખાડાઓના દિગંબર સાધુઓ સાધ્વીઓ બેન્ડવાજાના તાલે નાચતા તલવારબાજી પટાબાજી અંગ કસરતના દાવોની નિહાળી લોકા મંત્રમુગ્ધ બન્યા હતા.

રવેડી જુના અખાડાથી શરૂ થઈ મંગલનાથ આશ્રમથી દતી ચોકથી પાછળના રસ્તેથી ભારતી આશ્રમ થઈ રાત્રીના ૧૧-૩૦ કલાકે ભવનાથ મંદિર ખાતેના મૃગીકુંડમાં પૂજન આરતી કર્યા બાદ સાહી સ્નાન કરવા હર હર મહાદેવ જય ગીરનારી બમબમ ભોલાને નાદ સાથે સ્નાન કરી ભવનાથ દાદાની આરતી કરી પોત પોતાના સ્થાને જતા રહેતા જોવા મળતા હતા.

તળેટીમાં હૈયે હૈયું દળાય તેટલી માનવ મેદની પોત પોતાના ગામ જવા રાત્રીના નીકળી જવા પામ્યા છે. જુનાગઢ વિભાગીય નિયામક એમ.બી. રાવલએ નસાંજ સમાચારથના જીલ્લાના પ્રતિનિધિ રાકેશ લખલાણીને માહિતી આપતા જણાવ્યું હતું કે ડીએમઈ દવે ડેપો મેનેજર મકવાણા સહિતના અધિકારીઓ ગત તા.૨૨/૨થી ગઈકાલે ૨૬/૨ના ૧૧ કલાક દરમ્યાન જુનાગઢથી ભવનાથની ૨૮૩૦ ટ્રીપો કરી રૂા.૨૫,૬૬,૪૯૯ની આવક થવા પામી છે ટીકીટનો દર રૂા.૨૫ રાખવામાં આવ્યો હતો.૭૦ મીની બસો મેળામાં મુકવામાં આવી હતી. જુનાગઢ વિભાગમાંથી કુલ ૧.૬૦ લાખ મુસાફરોની સેવા કરતા આવક થવા પામી છે.

# રાજપુત ગિરસદાર સમાજનો સમૂહ લગ્નોત્સવ ધામધૂમપૂર્વક યોજાયો

## અગ્રણીઓની હાજરીમાં સમાજના ૧૯ નવદંપતિઓએ પ્રભુતામાં પગલાં માંડ્યા





**મુખ્ય સમાચાર,રાજકોટ**

વિશ્વની સૌથી મોટી સામાજીક સંસ્થા અખિલ ગુજરાત રાજપૂત યુવા સંઘ, મહીલા સંઘ, યુવા પાખ આયોજીત તા. ૨૩ રવિવાર ના રોજ રાજપૂત ગીરાસદાર સમાજનો ૧૮ મો સમુહલગ્રોત્સવ સૌરાષ્ટ્રના પાટનગર રાજકોટ મુકામે યોજાય ગયો છે જેમાં ૧૯ નવદંપતિ શાસ્ત્રોકત વિધીથી પ્રભુતાના પગલા માંડી નવુ જીવન શરૂ કરેલ.

તા. ૨૩ ને રવિવારે બપોરના ૨ કલાકે વર-કન્યાનું એન. કે. જાડેજા રાજપૂત કન્યા છાત્રાલય, ખાતે આગમન થયેલ, બપોરે ૪:૦૦ કલાકે ૧૫૦ ફુટ રીંગ રોડ થી વસ્યાત્રાનો મહેમાનોની હાજરી શુભારંભ કરવામાં આવેલ હતો. ૬ કલાકે લગ્ન સ્થળ આશાપુરા ફાર્મ, શીતલ પાર્ક બસ સ્ટોપ પાસે, ૧૫૦ ફુટ રીંગ રોડ, રાજકોટ, પર આગમન થયું હતું. જયા દરેક નવદંપતિ ના સામૈયા કરવામા આવેલા હતા ત્યારબાદ પોતાના લગ્ન મંડપમાં પધરામણી કરવામાં આવેલ હતી. ત્યારબાદ શાસ્ત્રીશ્રી દ્વારા શાસ્ત્રોકત વિધીથી લગ્ન વિધી કરાવવામાં હતી. સાંજે ગોધુલીક સમય ૬.૧૦ કલાકે હસ્તમેળાપ થયો હતો. ત્યારબાદ નવદંપતિ અને તેમના માતાપિતાને અખિલ ગુજરાત રાજપૂત યુવા સંપ દ્વારા મહેમાનોના હસ્તે પ્રમાણપત્ર આપી સન્માનીત કરવામાં આવ્યા હતા ડો. જયેન્દ્રસિંહ જાડેજા, પી.ટી. જાડેજા, આજીવન દાતાના સુપુત્ર વિજયસિંહ ઝાલા, મયુરધ્વજસિંહ જાડેજા (જે.એમ.જે ગ્રુપ) દિપકસિંહ ઝાલા પ્રદેશ અધ્યક્ષ, વડોદરાથી પધારેલ મહિલા સંઘના પ્રદેશ અધ્યક્ષ તથા વડોદરાની ટીમ, વિસુભા ઝાલા સુરેન્દ્રનગરથી અને ટીમ, જામનગરથી મહિલા સંઘ, દાતા ધમેન્દ્રસિંહ જાડેજા (દેદકદળ), મહપિતસિંહ ચુડાસમા, રૂષીરાજસિંહ એન. ઝાલા (હોટલ આર.આર.ગ્રુપ), જયશ્રીબા જાડેજા (હડમતીયા જે.) હાર્દિકસિંહ જાડેજા (ખજુડી), ડો. નયનાબા જાડેજા (જડુસ હોટલ), ડો. ઓમદેવસિંહ ગોહિલ, સમુદનસિંહ ઝાલા (ચુકવા) વગેરેના મહાનુભવો ઉપસ્થિત રહેલ.

અખીલ ગુજરાત રાજપૂત યુવા સંઘ ના મેનેજીગ ટ્રસ્ટી ડો. જયેન્દ્રસિંહ એમ. જાડેજા, પી.ટી. જાડેજા આંતરરાષ્ટ્રીય અધ્યક્ષ, તેમજ દિપકસિંહ ઝાલા પ્રદેસ અધ્યક્ષ ના માર્ગદર્શન અનુસાર સમુહ લગ્નોત્સવ ને સફળ બનાવવા યુવા સંઘ ના શ્રી પી.ટી. જાડેજા (હડમતીયા જં) ચેરમેન તરીકે અને, હિતેન્દ્રસિંહ ડી. ઝાલા (કોઠારીયાની કન્વીનર, તરીકે નિમણુક કરવામાં આવી હતી

જેમા કિરીટસિંહ જાડેજા (મોટાભેલા) પ્રદેશમંત્રી, કિશોરસિંહ જેઠવા (પાંડાવદર) પ્રમુખ રાજકોટ જીલ્લો, પથુભા જાડેજા (ખોખરી) પ્રમુખ રાજકોટ શહેર, નિર્મળસિંહ ઝાલા (નેકનામ), ભારતસિંહ ઝાલા (રતનપર), ચંપકસિંહ જાડેજા (વડાળી), રાજભા વાળા (હરીયાસણ), અશોકસિંહ જાડેજા (ધુળીયા દોમડા) કીરીટસિંહ ઝાલા (રાતીદેવરી), નું કાર્યક્રમને સફળતા અપાવવા અને યુવા પાખને પ્રોત્સાહિત કરી સતત માર્ગદર્શન પુરૂપાડી રહીયા હતા.

આ સમૂહ લગ્નોત્સવની સંપૂણ જવાબદારી યુવાપાંખ ને સોપવામાં આવેલી હતી અક્ષીતસિંહ પી. જાડેજા (હડમતીયા જં) સહ કન્વીનર, કનકસિંહ ઝાલા (બલાળા) સહ કન્વીનર, હિતેન્દ્રસિંહ ઝાલા (ઈંગોરાળા) સહ કન્વીનર, બલભદ્રસિંહ જાડેજા (પડવલા), ક્રિપાલસિંહ જાડેજા (વચલી ઘોડી) નરેન્દ્રસિંહ જાડેજા (હડમતીયા જં), શકિતસિંહ પરમાર (ચાણપર), દિલીપસિંહ જાડેજા (મેટીયા) મેઘરાજસિંહ ઝાલા (રાજચરાડી), જયપાલસિંહ જાડેજા (કોટડા નાયાણી), વનરાજસિંહ જાડેજા (પીપરડી), તેમજ યુવા પાંખના સર્વે કાર્યકર્તાઓ ખુબ જ સફળતા પુર્વક આયોજન કર્યું હતું.

રાજકોટ જીલાના દરેક તાલુકા માથી મજબુતસિંહ જાડેજા (પડવલા), વી.પી. જાડેજા (પડધરી), જયદેવસિંહ ઝાલા (જેતપુર), હેમંતસિંહ જાડેજા (ઉપલેટા), વિક્રમસિંહ જાડેજા(ધોરાજી), વનરાજસિંહ જાડેજા (દોમડા), રવિરાજસિંહ જાડેજા (ખાખડાબેલા) જયપાલસિંહ ઝાલા (રતનપર), મહાવિરસિંહ જાડેજા (જામકંડોરાણા) પુષ્પરાજસિંહ જાડેજા (ધુળીયા દોમડા), ઓમદેવસિંહ જાડેજા મહિલા સંઘના કા. અધ્યક્ષ જયશ્રીબા પી.જાડેજા, હિનાબા ગોહીલ, સીતાબા જેઠવા, કિર્તીબા ઝાલા, ભાવનાબા જાડેજા, મીનાબા જાડેજા. વગેરે ઉપસ્થિત રહી સહયોગ પુરૂ પાડેલ હતુ.

આ સમુહ લગ્નના આજીવન દાતા તરીકે સ્વ. સુરેન્દ્રસિંહ દાદુભા ઝાલા તથા પરિવાર, જુની કલાવડી દ્વારા આર્થીક અનુદાન આપવામાં આવેલ હતુ. સમુહ લગ્નમાં દરેક કન્યાઓને વોસીંગ મશીન, ૩૨ એલ.ઈ.ડી. ટી.વી. સોનાની ચુડલી સહીત ૧૨૫ થી વધુ ભેટ-સોગાદ આપવામાં હતી.

આ સમુહ લગ્નમાં થતા પરાક્રમસિંહ જાડેજા, જયોતિ સી.એન.સી. મયુરધ્વજસિંહ એમ. જાડેજા (પડાણા) જે.એમ.જે.ગ્રુપ, મોહીતસિંહ બી.ઝાલા સિધ્ધિવિનાયક મોટર, હકુભા વાળા (પ્રાંશલા) કિશોરસિંહ જાડેજા રાજશૃંગાર પાર્ટી પ્લોટ નાનામવા, હરીશચંદ્રસિંહ (હસુભા) જાડેજા (ઘંટેશ્વર), અજીતસિંહ જાડેજા (ભુણાવા) સહદેવસિંહ ડી. ઝાલા કારોલ (પર્વ મેટલ), યુવરાજસિંહ જાડેજા (ચાંપાબેડા) ઋષીરાજસિંહ નિલેશસિંહ ઝાલા (વણા) હોટર આર.આર.ઈન, સ્વ.પી.પી. જાડેજા પ્રધુમન ગ્રુપ નાનામવા, પ્રવિણસિંહ કનુભા વાઘેલા (ભાડેર) ફાઈન ટ્રેડ ફોર્મ ઈન્ડસ્ટ્રીઝ, વિરેન્દ્રસિંહ ઝાલા- મહામંત્રી રાજકોટ શહેર ભા.જ.પ., સુરૂભા જાડેજા (રાવક) ક્રિપાલસિંહ જાડેજા (વાગુદડ) રોઝર મોટર્સ, મહિપતસિંહ ચુડાસમા, હોટલ જયસન, જયશ્રીબા પી.ટી. જાડેજા(હડમતીયા જ.) તથા મહિલા સંઘ, મનોહરસિંહ (બબાભાઈ) રમુભા ઝાલા, રોજાસર, સહદેવસિંહ ડી.ઝાલા (પર્વમેટલ) સહદેવસિંહ વાઘેલા - દેવ બિલ્ડર્સ, ધર્મેન્દ્રસિંહ જાડેજા (દેદકદળ), દિલીપસિંહ પી. જાડેજા(ઈટાળા) પી.સી.સી., રાજદિપસિંહ એમ. જાડેજા ઉપાધ્યક્ષ રાજકોટ શહેર ભા.જ.પ., (વાવડી ), હાર્દિકસિંહ એમ. જાડેજા (ખજુરડી), હીના એન્જી, યશપાલસિંહ જાડેજા (ચાંદલી) નો મુખ્ય આર્થીક સહયોગ મળેલ હતા

આ કાર્યક્રમમાં મહેમાનનોનું સ્વાગત પ્રવચન કિશોરસિહં જેઠવા દ્વારા કરવામાં આવેલ સંચાલન કન્વીનર હિતેન્દ્રસિંહ ઝાલા (યુવા પ્રમુખ) અને જયદેવસિંહ જાડેજા (ડેરીવડાળા) સુંદર રીતે કરવામાં આવેલ. આભાર વિધી રાજકોટ શહેર પ્રમુખ પથુભા જાડેજા દ્વારા કરવામાં આવેલ.

# ગરમી ગાજતી આવી: કચ્છ કરતા રાજકોટમાં પારો ઊંચો

## ભેજનું પ્રમાણ વધતા બપોરે ભારે બફારો, આગામી બે દિવસ તાપમાન ૩૮ ડિગ્રી સે.થી વધુ રહેશે

**મુખ્ય સમાચાર,રાજકોટ**



ગુજરાતમાં આ સમયે ગરમી વધી રહી છે અને ઠંડી ઓછી થઈ રહી છે. આ સાથે, દરિયાકાંઠાના વિસ્તારમાં ભેજને કારણે, બફારાનું પ્રમાણ પણ વધ્યું છે, રાજ્યના સમગ્ર દરિયાકાંઠાના વિસ્તારમાં યલો એલર્ટ જારી કર્યું છે. રાજકોટમાં હાલ કચ્છ-ભુજના રણ વિસ્તાર કરતા પણ વધુ ગરમી પડે છે. ઉનાળાની શરૂઆતમાં જ ગરમીએ કાળોકેર વરતાવ્યો છે.

સાવચેતીના પગલા તરીકે, ૫૦ કિમીના આંતરિક વિસ્તારમાં યલો એલર્ટ જારી કરવામાં આવ્યું છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, હાલમાં ગુજરાતમાં ઉત્તર-પૂર્વ અને પૂર્વ દિશાઓથી પવન ફૂંકાઈ રહ્યા છે. જમીનની સપાટી પરથી આવતા આ પવનો સામાન્ય રીતે ગરમ હોય છે, જેના કારણે રાજ્યમાં બફારાનું પ્રમાણ ધીમે ધીમે વધી રહ્યું છે અને આગામી બે દિવસમાં તાપમાન ૩૮ ડિગ્રી સુધી પહોંચી શકે છે તેવો અંદાજ છે. આગામી ૨૪ કલાક સુધી તાપમાન સમાન રહેશે.

ત્યારબાદ, બે થી ત્રણ ડિગ્રી સેલ્સિયસ તાપમાન વધવાની શકયતા છે. તે જ સમયે, રાજ્યભરમાં લઘુત્તમ તાપમાનમાં બે ડિગ્રી સેલ્સિયસનો વધારો થયો છે અને મહત્તમ તાપમાન સામાન્ય નોંધાયું છે. આગામી એક અઠવાડિયા સુધી રાજ્યભરમાં હવામાન શુષ્ક રહેવાની ધારણા છે અને તાપમાનમાં પણ ધીમે ધીમે વધારો થવાની શક્યતા છે. ગઈકાલે રાજ્યમાં સૌથી વધુ મહત્તમ તાપમાન ડાંગમાં ૩૯.૬ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. આ ઉપરાંત રાજયના અન્ય ત્રણ મહાનગરોમાં મહત્તમ તાપમાન ૩૫ ડિગ્રી સેલ્સિયસની આસપાસ નોંધાયું હતું, જેમાં અમદાવાદ શહેરનું મહત્તમ તાપમાન ૩૬.૮ ડિગ્રી સેલ્સિયસ, વડોદરાનું ૩૬.૮ ડિગ્રી સેલ્સિયસ અને રાજકોટનું ૩૮.૭ ડિગ્રી સેલ્સિયસ હતું.

### ક્યાં કેટલી ગરમી?

અમદાવાદ – ૩૬.૮
અમરેલી – ૩૮.૦
બરોડા – ૩૬.૮
ભાવનગર – ૩૬.૮
ભુજ – ૩૭.૪
દાહોદ – ૩૩.૪
દમણ – ૩૬.૮
ડાંગ – ૩૯.૬
ડીસા – ૩૪.૬
દીવ – ૩૪.૫
દ્વારકા – ૩૪.૦
ગાંધીનગર – ૩૬.૬
જામનગર – ૩૪.૬
કંડલા – ૩૪.૯
નલિયા – ૩૬.૦
ઓખા – ૨૯.૮
પોરબંદર – ૩૬.૬
રાજકોટ – ૩૮.૭
સુરત – ૩૮.૪
સુરત કેવીકે – ૩૮.૨
વેરાવળ – ૩૨.૧

# સરગમ કલબના કમિટી મેમ્બર્સને દ્વારકાધીશ મંદિરે મળ્યો ધજા ચડાવવાનો લાભ

## બાન લેબના એમ.ડી. મૌલેશભાઈ ઉકાણીએ સેવાભાવી કાર્યકરોને કરાવી ધર્મયાત્રા

**મુખ્ય સમાચાર,રાજકોટ**

બાન લેબના એમ. ડી. મૌલેશભાઈ ઉકાણીએ તાજેતરમાં સેવાભાવી સંસ્થા સરગમ કલબના તમામ કમિટી મેમ્બર્સને દ્વારકાધીશ અને બેટ દ્વારકાનો પ્રવાસ કરાવ્યો હતો અને તમામ ને દ્વારકાધીશ મંદિરે ધ્વજા ચડાવવાનો લાભ આપ્યો હતો.

તા. ૨૧/૦૨/૨૫ ની સાંજની છેલ્લી ધ્વજા મૌલેશભાઈ તરફથી ચડાવવામાં આવી હતી અને આ પ્રસંગે સરગમ કલબ પરિવારના ૧૦૧ વ્યક્તિએ પૂજા અને માથે ધ્વજા ચડાવવાનો લાભ લીધો હતો. આ પૂર્વે વાજતેગાજતે ધર્મયાત્રા નીકળી હતી. બધા સભ્યોએ સ્વ. લાભુબેન ડાયાભાઈ ઉકાણી ભવનમાં રોકાણ કર્યું હતું. તમામ લોકોએ દ્વારકા ઉપરાંત બેટ દ્વારકા અને નાગેશ્વર ધામની પણ મુલાકાત લીધી હતી અને પૂજા-અર્ચના કરી હતી. આ ધર્મયાત્રામાં ડેલાવાળા પરિવારના બહેનો પણ જોડાયા હતા.

આ ધાર્મિક પ્રસંગોમાં સરગમના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળા, મૌલેશભાઈ પટેલ, સોનલબેન પટેલ, હરેશભાઈ લાખાણી, મીતેનભાઈ મહેતા, શીવલાલભાઈ રામાણી, ડો ચંદાબેન શાહ, નીલુબેન મહેતા, જશુમતીબેન વસાણી, ડો. માલાબેન કુંડલીયા, ગીતાબેન હીરાણી , ચંદાબેન ડેલાવાળા સહીત ના બન્ને કલબ ના કમિટી મેમ્બર્સ જોડાયા હતા.




# રાજકોટ સહિત રાજયભરમાં ધો.૧૦-૧૨ પરીક્ષાનો પ્રારંભ

## સવારના સેશનમાંથી ધો.૧૦માં ગુજરાતી-હિન્દી પ્રથમ ભાષાની પરીક્ષાઃ બપોરે ધો.૧૨ સાયન્સનું ફિઝિક્સ, સા.પ્ર.માં અર્થશાસ્ત્રનું પેપર

## પરીક્ષામાં ૮૦ હજારથી વધુ અધિકારીઓ-કર્મચારીઓનો કાફલો તૈનાતઃ ફ્લાઈંગ સ્કવોર્ડ દ્વારા રાઉન્ડ ધ કલોક પરીક્ષા કેન્દ્રોની તપાસણી











(તસ્વીરઃ આનંદ જાવિયા)









ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આજથી રાજકોટ સહિત રાજયભરમાં ધો.૧૦ અને ૧૨ ની પરીક્ષાનો શાંતિપૂર્ણ પ્રારંભ થયો છે. જેની સાથે જ રાજયભરમાં પરીક્ષાફીવર છવાઈ જવા પામેલ છે.

રાજકોટ શહેર-જીલ્લાના ૭૮૪૩૦ સહિત રાજયનાં ૧૪.૨૮ લાખ વિદ્યાર્થીઓ શૈક્ષણીક ભાવિની આ કસોટી આપી શકાય છે.જેમાં સૌરાષ્ટ્રનાં ૩.૪૦ લાખ જેટલા વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે. પરીક્ષાનાં પ્રથમ દિવસે આજે પરીક્ષા કેન્દ્રો પર કલેકટર-પોલીસ કમિશ્નર સહિતનાં ઉચ્ચ અધિકારીઓ અને કેન્દ્ર સંચાલકો દ્વારા વિદ્યાર્થીઓનું કુમકુમ તિલક અને મોં મીઠા કરાવી સ્વાગત કરવામાં આવેલ હતુ. પરીક્ષાનાં પ્રથમ દિવસે સવારના ૧૦ થી ૧૧-૫ કલાક દરમ્યાન ધો.૧૦ ના ગુજરાતી,હિન્દી, અંગ્રેજી, (પ્રથમ ભાષા)ની કસોટી પરીક્ષા કેન્દ્રો પરથી લેવામાં આવી રહી છે. તેની સાથોસાથ ધો.૧૨ સામાન્ય પ્રવાહનું સહકાર પંચાયતનું પેપર પણ પરીક્ષા કેન્દ્રો પરથી લેવામાં આવી રહ્યા છે. જયારે બપોરનાં સેશનમાં બપોરના ૩ થી ૬-૩૦ કલાક દરમ્યાન ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ભૌતિક વિજ્ઞાન અને સામાન્ય પ્રવાહમાં અર્થશાસ્ત્ર વિષયના પેપર લેવામાં આવનાર છે.રાજકોટ સેન્ટ્રલ જેલમાં ધો.૧૦ અને ૧૨ ના ૬-૬ મળી ૧૨ કેદી રાજયમાં કુલ ૧૧૩ કેદી બોર્ડની આ પરીક્ષા આપી રહ્યા છે.

જેમાં અમદાવાદ સેન્ટ્રલ જેલમાં સૌથી વધુ ધો.૧૦ ના ૪૪ અને ધો.૧૨ ના ૨૧ કેદી ઉપરાંત વડોદરા જેલમાં ધો.૧૦ માં ૪ તથા ધો.૧૨ માં ૬ તેમજ સુરતની લાજપોર જેલમાં ધો.૧૦ માં ૧૮ અને ૧૨ માં ૮ કેદી પરીક્ષા આપી રહ્યા છે.

રાજકોટ શહેર-જીલ્લામાં ૭૪ જેટલા દિવ્યાંગ વિદ્યાર્થીઓ રાઈટર સાથે બોર્ડની પરીક્ષા આપી રહ્યા છે. દિવ્યાંગ વિદ્યાર્થીઓ માટે પરીક્ષા કેન્દ્ર પર ગ્રાઉન્ડ ફલોરનાં પરીક્ષા ખંડમાં બેઠક વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. અહીં એ પણ ઉલ્લેખનીય છે કે, રાજયમાં ૮૭ ઝોન અને ૧૬૬૬૦ જેટલા કેન્દ્રો અને ૫૦૦૦ હજારથી વધુ શાળાઓની બિલ્ડીંગોમાં આ પરીક્ષા લેવામાં આવી રહી છે. શિક્ષણ બોર્ડ દ્વારા પરીક્ષા માટે ૮૦ હજારથી વધુ કર્મચારીઓ અને અધિકારીઓનો કાફલો ફરજ પર તૈનાત કરવામાં આવેલ છે. જેમાં વર્ગ-૧ અને ૨ ના ૧૫૦૦ થી વધુ અધિકારીઓનો સમાવેશ થાય છે. પરીક્ષાનો પ્રારંભ થતા જ રાજયમાં ૬૮ જેટલી ફલાઈંગ સ્કવોડોએ પોતાની પોઝીશન લઈ લીધી છે. ફલાઈંગ સ્કવોર્ડ દ્વારા પરીક્ષા કેન્દ્રોની રાઉન્ડ ધ કલોક તપાસણી કરવામાં આવી રહી છે. વિદ્યાર્થીઓને પરીક્ષા સમયનાં અડધો કલાક પહેલાં જ પરીક્ષા ખંડમાં પ્રવેશ આપી દેવામાં આવેલ હતો. બોર્ડ પરીક્ષાનો પ્રારંભ થતાં જ પરીક્ષા કેન્દ્રોનાં ૧૦૦ મીટરની ત્રિજયામાં અધિક કલેકટરનું જાહેરનામું આજથી લાગુ પડી ગયુ છે.જેમાં પરીક્ષા કેન્દ્રોનાં વિસ્તારમાં લાઉડ સ્પીકરના ઉપયોગ તેમજ ચારથી વધુ વ્યકિતઓને એકત્રીત થવા પર પ્રતિબંધ ફરમાવી દેવામાં આવેલ છે. આ ઉપરાંત ઝેરોક્ષની દુકાનો પણ ચાલુ રાખી શકાશે નહિં. પરીક્ષા શરૂ થતા જ રાજયભરમાં પરીક્ષા ફીવર છવાઈ જવા પામેલ છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# CAને શેરમાં સારા વળતરની લાલચ આપી ૧૮.૮૩ લાખની ઠગાઈ આચરી

**મુખ્ય સમાચાર,રાજકોટ**

શહેરમાં ૧૫૦ ફૂટ રિંગ રોડ પર દર્શન એવન્યુના રામેશ્વર પાર્કમાં રહેતા અને મુંબઈમાં નોકરી કરતાં ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ રાજેશભાઈ મગનલાલ ઘેવરિયા (ઉ.વ.૪૩)એ યુનિવર્સિટી પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે મુંબઈ કાંદીવલીના વિનાયક બિલ્ડિંગમાં રહેતા હિરેન ચંદ્રકાંત ઘેલાણીનું નામ આપ્યું હતું. રાજેશ ઘેવરિયાએ ફરિયાદમાં જણાવ્યું હતું કે, વર્ષ ૧૯૮૮માં મુંબઈ લોહાણા વિદ્યાર્થી ભવનમાં સાથે રહેતા હિરેન ચંદ્રકાંત ઘેલાણી વર્ષ ૨૦૧૩માં મળ્યો હતો અને તેણે પોતે મુંબઈમાં કંપની ધરાવતો હોવાનું અને શેરબજારમાં સબબ્રોકર અને એડવાઈઝર હોવાની વાત કરી હતી અને હિરેનના કહેવાથી રાજેશ ઘેવરિયાએ શેરબજારમાં રોકાણ શરૂ કર્યું હતું. રૂ.૩ લાખ મોકલ્યા હતા જેના થોડા સમય બાદ રૂ.૪ લાખ પરત મોકલી વિશ્વાસ જીત્યો હતો.

ત્યારબાદ રાજેશ ઘેવરિયાએ રૂ.૫ લાખ શેર ખરીદી માટે મોકલ્યા હતા જેમાં શેરની ખરીદી બાદ રાજેશને રૂ.૧૭.૨૮ લાખ લેવાના નીકળતા હતા, પરંતુ હિરેન ઘેલાણીએ રૂ.૧૦,૪૪,૩૪૫ મોકલ્યા હતા. બાકીના રૂ.૬,૮૩,૬૫૫ મોકલ્યા નહોતા. બાદમાં હિરેને પોતાને ધંધા માટે નાણાંની જરૂરિયાત છે ૧ ટકા વળતર આપશે તેમ કહેતા રાજેશ ઘેવરિયાએ રૂ.૧૫ લાખ મોકલ્યા હતા. જેમાંથી માત્ર ૩ લાખ જ પરત આપ્યા હતા. બાકીના કુલ રૂ.૧૮,૮૩,૬૫૫ આજ દિવસ સુધી નહીં મોકલી છેતરપિંડી આચરી હતી. પોલીસે ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી શરૂ કરી હતી.


# ખુનની કોશિશના ગુન્હામાં ત્રીસથી વધુ ગુન્હાઓ કરનાર આરોપી સહિત આઠ(૮) આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરતી રાજકોટ એડી.સેશન્સ કોર્ટ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

પોલીસ કેસની વિગત એવી કે, ગત તારીખ:૧૮/૧૦/૨૦૨૩ના રોજ ફરિયાદી કેવલ શૈલેષભાઈ પીપળીયાએ રાજકોટ શહેર બી.ડિવિજન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપેલ કે ભગવતીપરા વિજયવન સોસાયટી શેરી નં.૧માં ફરિયાદી કેવલ શૈલેષભાઈ પીપળીયા પોતાના ઘરે ઉપરના માળે હતો ત્યારે તેમના ઘરનો દરવાજો જોરથી બંધ થવાનો અવાજ આવેલ અને તેમના ઘરના દરવાજા પર કોઈ હથિયાર વડે માર મારવાનો તથા ગાળો બોલવાના અવાજો આવતા હતા તે દરમ્યાન ફરિયાદીના ઘરનો દરવાજો તુટી જતાં તેણે જોયેલ કે તેના ઘરની અંદર ત્રણેક જેટલી મહિલા ૧) રેશમાબેન જાવેદભાઈ સોઢા, ૨) અદ્શાનાબેન સીદીકબેન ધડકાઈ, ૩) શબાનાબેન ઉર્ફે ડાડણ ઈકબાલભાઈ મિયાણા તેના ઘરમાં આવેલ અને કહેલ કે, આ પિયુ છત ઉપર ચડી અમારા ઘરની છત ઉપર કેમ જોવે છે તેમ કહી આ ત્રણેય મહિલા ફરિયાદીના ફઈની દીકરી તથા ફરિયાદીના માતા તથા ફરિયાદીના બહેનને જેમ ફાવે તેમ ગાળો આપી જપાજપી કરવા લાગેલા તે દરમ્યાન ફરિયાદીના ઘરમાં રહેલ લાકડાનો ધોકો શબાનાબહેને તેમના હાથમાં લઈ ફરિયાદીની બહેન અને ફરિયાદીના માતાને ધોકા વડે માર મારવા લાગેલ તથા આદિલ હનીફભાઈ સોઢા તલવાર સાથે તથા શાહરુખ હનીફભાઈ સોઢા છરી સાથે તથા મહમદ સીદીકભાઈ ધડકાઈ લોખંડના પાઈપ સાથે ફરિયાદીના ઘરની અંદર આવી જેમ ફાવે તેમ ગાળો આપવા લાગેલો જેથી ફરિયાદીએ ગાળો આપવાની ના પાડતા આરોપી આદિલ ફરિયાદીના ફળિયામાં રહેલ સીડી વાટે ઉપરના માળે આવતા ફરિયાદી ગભરાય જતાં રૂમમાં જતાં રહેલ અને આરોપીઓએ બહારથી કહેલ કે આજેતો તને પતાવી જ દેવો છે તેમ કહી આરોપી પાસે રહેલ હથિયાર વડે ફરિયાદીની છાતીના ભાગે હુમલો કરતાં ફરિયાદીએ આડો હાથનાખતા ફરિયાદીના હાથમાં ઈજા થયેલ, શાહરુખે છરી વડે, મહમદે લોખંડના પાઈપ વડે બાદમાં આદિલે તલવાર વડે ફરિયાદીને બેઠકના ભાગે તથા પીઠના ભાગે તથા શરીર ઉપર માર મારી ઈજાઓ કરેલ ત્યારબાદ આરોપીઓએ ફરિયાદીને તેના ઘરની બહાર કાઢી શેરીમાં લઈ ગયેલા અને આરોપીઓ પાસે રહેલ હથિયાર વડે ફરિયાદીને આડેધડ માર મારવા લાગેલ બાદમાં શેરીમાં માણસો ભેગા થઈ જતાં આરોપીઓ ૧) આદિલ હનીફભાઈ સોઢા, ૨) શાહરુખ હનીફભાઈ સોઢા,૩) મહમદ સીદીકભાઈ ધડકાઈ. ૪) રેશમાબેન જાવેદભાઈ સોઢા, ૫) અદ્શાનાબેન સીદીકબેન ધડકાઈ, ૬) શબાનાબેન ઉર્ફે ડાડણ ઈકબાલભાઈ મિયાણા ત્યાથી ફરાર થઈ ગયેલ જે ગંભીર જીવલેણ ઈજાઓ અંગે ફરિયાદી કેવલ શૈલેષભાઈ પીપળીયાએ રાજકોટ શહેર બી.ડિવિજન પોલીસ સ્ટેશનમાં તમામ આરોપીઓ ૧) આદિલ હનીફભાઈ સોઢા, ૨) શાહરુખ હનીફભાઈ સોઢા, ૩) મહમદ સીદીકભાઈ ધડકાઈ, ૪) રેશમાબેન જાવેદભાઈ સોઢા, ૫) અદ્શાનાબેન સીદીકબેન ધડકાઈ, ૬) શબાનાબેન ઉર્ફે ડાડણ ઈકબાલભાઈ મિયાણા વિરુદ્ધ ગેરકાયદેસર મંડળી રચી ખુનની કોશિશનો ગુન્હો નોંધાવેલ હતો તેમજ ગુન્હામાં સંડોવાયેલ તમામ આરોપીઓ ૧) આદિલ હનીફભાઈ સોઢા, ૨) શાહરુખ હનીફભાઈ સોઢા, ૩) મહમદ સીદીકભાઈ ધડકાઈ, ૪) રેશમાબેન જાવેદભાઈ સોઢા, ૫) અદ્શાનાબેન સીદીકભાઈ ધડકાઈ અને ૬) શબાનાબેન ઉર્ફે ડાડણ ઈકબાલભાઈ મિયાણાની પોલીસે ધરપકડ કરેલ તથા આરોપીઓને જેલ હવાલે કરેલ ત્યારબાદ હાલનો કેસ રાજકોટની એડી. સેશન્સ કોર્ટમાં ચાલી જતાં બનાવ નજરે જોનાર સાહેદો, ઈજા પામનારની જુબાની, ફરિયાદીની જુબાની, વિવિધ પંચનામાં ના પંચો, તથા તપાસ કરનાર અધિકારી વિગેરે ની જુબાની નોંધ્યા બાદ તથા ફરિયાદપક્ષ અને આરોપીના વકીલ ની દલીલો સાંભળ્યા બાદ તથા આરોપી તરફે ઉચ્ચ ન્યાયાલયોના ચુકાદાઓના માર્ગદર્શક સિદ્ધાંતોને ધ્યાને લઈને રાજકોટ એડિશનલ સેશન્સ કોર્ટ દ્વારા તમામ


આરોપીઓ ૧) આદિલ હનીફભાઈ સોઢા, ૨) શાહરુખ હનીફભાઈ સોઢા, ૩) મહમદ સીદીકભાઈ ધડકાઈ, ૪) રેશમાબેન જાવેદભાઈ સોઢા, ૫) અદ્શાનાબેન સીદીકભાઈધડકાઈ અને ૬) શબાનાબેન ઉર્ફે ડાડણ ઈકબાલભાઈ મિયાણાને નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવેલ છે. અત્રે ઉલ્લેખનીય છે કે, આરોપી આદિલ હનીફભાઈ સોઢા અગાઉ પણ ત્રીસેક ગુન્હા જેવા કે, ખુન, ખુનની કોશિશ, ગેરકાયદેસર હથિયાર રાખવા વિગેરે ગુન્હાઓમાં સંડોવાયેલ ચુકેલ હતો તેમજ અગાઉ ખુન કેસમાં સજા પણ થયેલ હતી.

આ કામમાં બધાજ આરોપીઓ ૧) આદિલ હનીફભાઈ સોઢા, ૨) શાહરુખ હનીફભાઈ સોઢા, ૩) મહમદ સીદીકભાઈ ધડકાઈ, ૪) રેશમાબેન જાવેદભાઈ સોઢા, ૫) અદ્શાનાબેન સીદીકભાઈ ધડકાઈ અને ૬) શબાનાબેન ઉર્ફે ડાડણ ઈકબાલભાઈ મિયાણા વતી રાજકોટના ધારાશાસ્ત્રી રૂપરાજસિંહ પરમાર, અજીતભાઈ પરમાર, હુસૈનભાઈ હેરંજા, જયદેવસિંહ ઝાલા, પાર્થરાજસિંહ ઝાલા, રવિભાઈ લાલ, જીતભાઈ શાહ, ફેઝાનભાઈ સમા, દિપકભાઈ ભાટિયા, અંકિતભાઈ ભટ્ટ, રહિમભાઈ હેરંજા રોકાયેલ હતા.


એડવોકેટ

# રાજકોટના બે પરિવારને લૂંટેરી દુલ્હન ગેંગનો ભેટો: રૂા.૩.૪૩ લાખની છેતરપિંડી

## નાગપુરની બે યુવતી સાથે લગ્ન કરાવી લગ્ન ખર્ચના નાણા પડાવ્યા: થોડા દિવસોમાં બંને યુવતી વતનમાં જવાનું કહી પરત ન આવી




**મુખ્ય સમાચાર,રાજકોટ**

લૂંટેરી દુલ્હન લગ્ન વાચ્છુકોને ફસાવી નાણા કે દાગીના તફડાવી ફરાર થઈ જતી હોવાનો બનાવો અવાર-નવાર સામે આવતા રહે છે. ત્યારે વધુ એક બનાવમાં રાજકોટના બે પરિવારને લૂંટેરી દુલ્હન ગેંગનો ભેટો થઈ જતા રૂા.૩.૪૩ લાખની છેતરપીંડી થયાની ફરિયાદ પોલીસ ચોપડે નોંધાઈ છે.

જાણવા મળતી વિગત મુજબ કોઠારીયા સોલવન્ટમાં રાધિકા સોસાયટી-૧મા રહેતા જાગૃતિબેન રમેશભાઈ સલાટ (ઉ.વ.૪૦)એ આજીડેમ પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે સુરતના વિજય મહેશભાઈ ધકાણ, મહારાષ્ટ્રના નાગપુરના જીતેન્દ્ર ફૂલીચંદ રોકડે, કોમલબેન રાહુલભાઈ શાહ, અનુષ્કા શ્યામચરણ રાઉત, મયુરીબેન ગણેશભાઈ બોરકરના નામ આપ્યા છે.


ફરિયાદમાં જણાવ્યા મુજબ તેના પુત્ર કિશોરના લગ્ન કરવા હોવાથી સુરતમાં મેરેજ બ્યુરો ચલાવતા વિજય ધકાણે નાગપુરની યુવતી હોવાનુ અને તમારે લગ્ન ખર્ચે આપવો પડશે તેમ કહેતા ફરિયાદી પરિવાર સાથે નાગપુર જતા નાગપુરમાં મેરેજ બ્યુરો ચલાવતા કોમલ શાહ અને જીતેન્દ્ર રોકડને મળાવ્યા હતા અને મયુરી નામની યુવતી બતાવતા પુત્રને પસંદ પડતા નાગપુર કોર્ટમાં લગ્ન કરી ત્રણેય દલાલને રૂા.૧.૬૮ લાખ ચૂકવ્યા હતા અને યુવતી સાથે લગ્ન કરી રાજકોટ લાવ્યા હતા.

બાદમાં ૨૫ દિવસ સુધી રહ્યા બાદ આરોપી કોમલ અને તેનો પતિ રાહુલ રાજકોટ આવ્યા હતા અને મયુરીના કાકા બીમાર છે અને મયુરીને પરીક્ષા આપવાની છે. તેમ કહી મયુરીને લઈ ગયા હતા બાદમાં મયુરી પરત ન આવતા અને લગ્ન ખર્ચેના પૈસા પરત માંગતા આરોપીએ ફોન ઉપાડતા ન હતા.

દરમિયાન કોઠારીયા ગામે બાલાજી પાર્કમાં રહેતા ઉમેશભાઈ જમનાદાસ ઠકરારના પુત્રના લગ્ન પણ આ જ રીતે આરોપીઓએ અનુષ્કા સાથે લગ્ન કરાવી રૂા.૧.૭૫ લાખ ખર્ચેના લઈ બાદમાં અનુષ્કા લગ્ન પ્રસંગમાં જવાનુ કહી નાગપુર ગયા બાદ પરત ન આવી તેની સાથે પણ છેતરપીંડી કર્યાનું જણતા પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. આ અંગે આજીડેમ પોલીસે બંને પરિવાર સાથે રૂા.૩.૪૩ લાખની છેતરપીંડી આચરનાર લૂંટેરી દુલ્હન ગેંગ વિરૂદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# રાજકોટમાં મણીયાર દેરાસરમાં ચોરીનો પ્રયાસ: પોલીસ ઘટના સ્થળે દોડી

## મોડી રાત્રીના મુખ્ય દરવાજો ટપી અંદર પ્રવેશેલ તસ્કરે ભંડારાની રોકડ રકમ ઉઠાવી નાસી છૂટ્યો






**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટમાં ચૌધરી હાઈસ્કૂલ સામે આવેલ મણીયાર દેરાસરમાં ચોરીનો પ્રયાસનો બનાવ સામે આવતાં જૈન અગ્રણીઓ સાથે પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો અને તપાસનો ધમધમાટ આદર્યો હતો. મોડી રાત્રીના મુખ્ય દરવાજો ટપી અંદર પ્રવેશેલ તસ્કરે ભંડારાની રોકડ રકમ ઉઠાવી નાસી છૂટતાં સીસીટીવી કેમેરામાં કેદ થયો હતો.

પ્રાપ્ત વિગત મુજબ, રાજકોટમાં ચૌધરી હાઈસ્કૂલ સામે આવેલ મણીયાર દેરાસરમાં આજે સવારે જૈન શ્રેષ્ઠીઓ પૂજા માટે ગયાં હતાં ત્યારે મંદિરમાં ખુલ્લામાં રહેલ સ્ટીલના ભંડારા (દાન પેટી) માં રહેતી દાનની રોકડ રકમ ગાયબ હતી.

જેથી પૂજા કરવાં આવેલ લોકોએ દેરાસરના મેનેજમેન્ટને જાણ કરતાં અગ્રણીઓ દોડી આવ્યાં હતાં અને રાતના સીસીટીવી ફૂટેજ ચેક કરતાં તેમાં મોડી રાતના બે વાગ્યાથી ચાર વાગ્યા સુધીમાં એક શખ્સ દેરાસરનો મુખ્ય દરવાજો ઠેકી અંદર પ્રવેશ્યો હતો અને આસપાસમાં નજર કર્યા બાદ મંદિરના ગર્ભગૃહમાં ખુલ્લામાં રહેતાં ભંડારામાં રહેતાં રોકડ આશરે ચારેક હજારની રોકડ ચોરી કરી ત્યાંથી નાસી છુટ્તો નજરે પડ્યો હતો. જે અંગેની તપાસ હાથ કર્યા બાદ પોલીસને જાણ કરવામાં આવી હતી. પોલીસે પણ સીસીટીવી ફુટેજના આધારે તપાસનો ધમધમાટ આદર્યો હતો.

# પડધરીમાં ૬.૯૦ લાખની રોકડ સાથેના આંગડિયા કર્મચારીના સ્કૂટરની ઉઠાંતરી



**મુખ્ય સમાચાર,રાજકોટ**

પડધરીમા પીએમ આંગડીયા પેઢી ચલાવતા અને રાજકોટ રહેતા આંગડીયાનાં કર્મચારીનુ રૂ. ૬.૯૦ લાખની રોકડ સાથેનુ મોટર સાયકલ પડધરી પાસે ગઠીયો હંકારી જતા આ મામલે પોલીસ ફરીયાદ નોંધાઈ છે. રીચાર્જ કરવા માટે ઉભેલા આંગડીયાનાં કર્મચારીનુ રોકડ ભરેલુ સ્કુટર ગઠીયો હંકારી ગયો હતો.

મળતી વિગતો મુજબ રાજકોટનાં રૈયા સર્કલ પાસે ટ્રીનીટી ટાવરમા રહેતા અને પડધરીમા પીએમ આંગડીયા નામની પેઢી ચલાવતા મુળ પડધરીનાં પરાગ ચંદ્રકાંતભાઈ ચગ (ઉ.વ. ૩૦) એ નોંધાવેલી ફરીયાદમા જણાવ્યા મુજબ ગત તા ૨૪ નાં તે મોરબી કામ અર્થે ગયા હતા ત્યારે પેઢીમા કામ કરતા પડધરી બાલાજી પાર્કમા રહેતા શકીલ દલનો ફોન આવ્યો હતો અને તે સ્કુટરની ડેકીમા ગ્રાહકોની રૂ. ૬.૯૦ લાખની રોકડ દેવા જતો હતો ત્યારે રસ્તામા મોબાઈલની દુકાને રીચાર્જ કરાવવા ગયો ત્યારે સ્કુટર કોઈ ઉઠાવી ગયાનુ જણાવ્યુ હતુ

આ મામલે પરાગભાઈએ પડધરી પોલીસમા ફરીયાદ નોંધાવી હતી. પેઢીનો કર્મચારી શકીલ રીચાર્જ કરાવવા માટે પડધરીમા આવેલી મોબાઈલની દુકાને ગયો ત્યારે ગઠીયો સ્કુટરની ડેકીમા રાખેલા રૂ. ૬.૯૦ લાખની રોકડ અને મોટર સાયકલ સહીત રૂ. ૭.૧૫ લાખનો મુદામાલ ચોરી જતા હવે આ મામલે પોલીસે બનાવ સ્થળ આસપાસનાં સીસીટીવી કેમેરાનાં આધારે વધુ તપાસ શરૂ કરી છે. બનાવ વખતે પરાગભાઈ મોરબી હોય તેઓ તાત્કાલીક પડધરી દોડી આવ્યા હતા અને પોતાનાં પરીચીતો અને મીત્રોની મદદથી રોકડ ભરેલુ સ્કુટર જે ચોરી થયુ હોય તેની માહીતી મેળવવા માટે તપાસ કરી હતી પરંતુ કોઈ સફળતા નહી મળતા અંતે પોલીસ ફરીયાદ નોંધાઈ હતી.

# ગોંડલ પાસે બંધ આઈસર પાછળ કાર ઘુસી જતાં પિતાનું મોત, પુત્ર ઘાયલ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

અમદાવાદથી પિતૃકાર્ય માટે સોમનાથ જતા પરીવારને અકસ્માત નડયો હતો. રાજકોટ ગોંડલ હાઈવે પર ગુંદાળા પાસે સર્જાયેલા અકસ્માતમા પિતાનુ મોત થયુ હતુ જયારે પુત્ર સહીત પરીવારના ૮ સભ્યોને ઈજા થઈ હતી. આ મામલે આઈસર ચાલક સામે બેદરકારીથી રસ્તા વચ્ચે આઈસર પાર્ક કરી રીફલેકટર ચાલુ નહી રાખતા આ અકસ્માત થયા અંગેની ફરીયાદ નોંધાઈ છે.

મળતી વિગતો મુજબ અમદાવાદનાં વસ્ત્રાલ રીંગ રોડ પાસે અક્ષરધામ હાઈટસમા રહેતા ગૌરીબેન ભાનુભાઈ જાદવે નોંધાવેલી ફરીયાદમા આરોપી તરીકે આઈસર નં જીજે ૩ એટી ૪૦૩૬ નાં ચાલકનુ નામ આપ્યુ છે. ફરીયાદમા જણાવ્યા મુજબ ગૌરીબેન તથા તેમના પતિ ભાનુભાઈ તથા પુત્ર જયેશ સાથે અર્ટીકા કાર નં જીજે ૧૩ સીબી ૧૪૮૫ મા જયેશનાં સાસરીયાનાં ગામ જશાપર જતા હતા.

ધાંગ્રધાનાં જશાપર ગામે જતા ભાનુભાઈ કારની આગળની સીટમા બેઠા હતા જયારે પૌત્ર આર્ય (ઉ.વ. ૨) તેમનાં ખોળામા બેઠા હતો જયારે ગૌરીબેન અને તેનો પુત્ર જયેશ અને પુત્રવધુ સુનીતા તેમજ વેવાણ હીરાબેન ગોવિંદભાઈ સાગઠીયા તથા હિરાબેનનો પુત્ર એટલે કે જયેશનો સાળો પંકજ અને સાળી શ્રધ્ધાબેન અને કોકીલા સોમનાથ પાટણ ખાતે પિતૃકામ માટે જતા હતા ત્યારે ગોંડલ ગુંદાળા ચોકડી પાસે પહોંચતા આઈસરનાં ચાલકે રસ્તા વચ્ચે આઈસર પાર્ક કર્યુ હોય અને લાઈટ ચાલુ રાખ્યા વગર બેદરકારીથી રસ્તા વચ્ચે પાર્ક કરેલા આઈસર પાછળ અર્ટીકા ઘુસી જતા આ અકસ્માતમા પરીવારનાં સભ્યોને ઈજા થઈ હતી જેમા ગૌરીબેનનાં પતિનુ મોત થયુ હતુ જયારે પુત્ર સહીતનાઓને ઈજા પહોંચી હતી.

# જાહેરનામાનો ઉલાળિયો કરી નોનવેજ ડિલિવરી કરતા ઝેપ્ટો અને સ્વિગી દંડાયા



**મુખ્ય સમાચાર,રાજકોટ**

શિવરાત્રીના તહેવારના દિવસે રાજકોટ મહાનગરપાલિકા વિસ્તારના તમામ પ્રકારના કત્તલખાના બંધ રાખવા તેમજ માસ, મટન, મચ્છી અને ચીકનનું સ્ટોર કે વેચાણ કરવા પ્રતિબંધ હોય છતાં ઓનલાઈન ડિલેવરી એપ ઝેપ્ટો અને સ્વીગી દ્વારા વેચાણ ચાલુ હોવાથી મનપાએ જાહેરનામાભંગ અંગે કાર્યવાહી કરીને ૧૦૦ કિલોથી વધુ નોનવેજ ફુડનો નાશ કરીને હજારો રૂપિયાનો દંડ ફટકાર્યો છે. ગુજરાત કોંગ્રેસના સૌરાષ્ટ્ર-કચ્છ ઝોનના પ્રવકતા તુષિત પાણેરી દ્વારા આજે સવારે સાડા છ વાગ્યે ઝેપટો ફુડ ડિલિવરી એપ્લીકેશનમાંથી ઓનલાઈન ચિકનનો ઓર્ડર આપ્યો હતો. અને થોડી મીનીટમાં જ ડિલીવરી પણ થઈ ગયો હતો. જેથી તેમણે મનપા આરોગ્ય અધિકારી અને કમિશનરને પુરાવા વિગતો મોકલી આપ્યા હતાં.

તેમજ ઓનલાઈન કમ્પ્લેઈન પણ નોંધાઈ હતી. ઓનલાઈન કમ્પ્લેઈન નોંધતા જ આરોગ્ય વિભાગની ટીમ હરકતમાં આવતા આર.કે. આઈકોનીક બીલ્ડીંગમાં આવેલ ઝેપ્ટો કંપની (ડ્રોગેરિયા સેલર પ્રા.લી.) ખાતે ટીમો પહોંચી હતી. અને સ્થળ પરથી ૩૫ કિલો જેટલા નોનવેજ ખાદ્યચીજોને ખોલીને ટીપરવાન મારફતે સોખડા ડમ્પીંગ સાઈટમાં નાશ કરવા માટે મોકલી આપી હતી અને બીજી કાર્યવાહીમાં ઈન્ફીનીટી કોમ્પલેક્ષમાં સ્વીગીના વેરહાઉસમાં દરોડો પાડીને ૬૦ કિલો જેટલા માસ અને ચિકનના જથ્થાનો નાશ કરવામા આવ્યો હતો. રાજકોટ મનપાના જાહેરનામાનો ભંગ કરનાર કંપનીઓને રોજકામ કરીને હજારો રૂપિયાનો વહીવટી દંડ ફટકારવામાં આવ્યો છે.

# સદર બજારમાં કુખ્યાત શખ્સનો અગ્રણીના ઘર પર પથ્થરમારો




**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ શહેરમા છેલ્લા ઘણા સમયથી કુખ્યાત શખ્સોનો આતંક વધતો જાય છે ત્યારે સદર બજારમા બાલાજી એપાર્ટમેન્ટના બીજા માળે રહેતા કુખ્યાત શખ્સે ભાડાનો ફ્લેટ પચાવી પાડવા માટે કોંગી અગ્રણીના એપાર્ટમેન્ટ પર પથ્થરના ઘા ઝીકી જાહેરમા ધમકીઓ આપતા આજે મામલો પોલીસ મથકમા પહોંચ્યો હતો અને બપોરનાં સમયે પોલીસનાં ધાડેધાડા સદર બજારમા ઉતરી ગયા હતા. આ ઘટનામા કોંગી અગ્રણીની ફરીયાદ નોંધવા તજવીજ શરૂ કરવામા આવી છે.

વધુ વિગતો મુજબ સદર બજારમા રહેતી કોંગી અગ્રણી હબીબ કટારીયાનાં રહેણાંક એપાર્ટમેન્ટ પર તેની સામે બાલાજી એપાર્ટમેન્ટનાં ત્રીજા માળે રહેતા કુખ્યાત રાજા બાબાખાન પઠાણ નામનાં શખ્સે પથ્થર અને ઈંટોનાં ઘા કરી ધમકી આપતા પ્રનગર પોલીસ અને એસીપી રાધીકા ભારાઈ સહીતનો સ્ટાફ ઘટના સ્થળે પહોંચી ફરીયાદી પાસેથી બનાવની હકીકત જાણી હતી આ ઘટનામા પોલીસ સુત્રોમાથી જાણવા મળી રહેલ છે કે હાલ બાલાજી એપાર્ટમેન્ટનાં ત્રીજા માળે રહેતો રાજા પઠાણ જે ભાડાનાં ફ્લેટમા રહે છે તે ફ્લેટ તેને પચાવી પાડવો હોય અને તેના આ ફ્લેટ પચાવી પાડવાનાં ઈરાદાને હબીબભાઈ સમજી ગયા હતા અને તેમણે આ ફ્લેટના માલીકનો સંપર્ક કરી તેમના સબંધીને અપાવી દીધો હતો અને તેઓએ રાજાને ફ્લેટ ખાલી કરવા માટે સમય આપી દીધો હોય જેથી રાજા પઠાણ ઉશ્કેરાયો હતો અને છેલ્લા બે દિવસથી માથાકુટ કરવાનાં મુડમા હતો. જોકે હબીબભાઈનાં ઘરે જીયારત હોય જેથી તેમણે આજે સવારે ખેલ પાડયો હતો અને બાલાજી એપાર્ટમેન્ટનો મુખ્ય ગેટ પાડી દીધો હતો અને નુકસાન કર્યુ હતુ. આ સમયે હબીબભાઈએ તેમને સમજાવતા આરોપી ઉપરથી ધમકી આપી એપાર્ટમેન્ટની નીચે આવ્યો હતો અને ગેઈટ પાસે પડેલા પથ્થર અને ઈંટો ઉપાડી હબીબભાઈનાં ઘર પર ઘા કર્યા હતા. આ ઘટનાથી વિસ્તારમા તંગદીલી ન ફેલાઈ તે માટે પ્રનગર પોલીસ મથકનાં પીઆઈ ડોબરીયા, પીએસઆઈ રાણીંગા અને સ્ટાફ તેમજ એસીપી રાધીકા ભારાઈ ઘટના સ્થળે પહોંચી ગયા હતા અને બનાવની હકીકત જાણી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે રાજા પઠાણ પણ અગાઉ અનેક વખત માથાકુટમા આવી ચુક્યો છે અને તેમના મોટાભાઈનુ પણ અગાઉ રામનાથપરામા મર્ડર થઈ ગયાનુ સુત્રોમાથી જાણવા મળી રહયુ છે.

# માધાપર ચોકડી પાસે RMCના ડે. ચીફ એકાઉન્ટન્ટના પિતાને સિટી બસે ઉલાળ્યા : ઉશ્કેરાયેલા ટોળાંની તોડફોડ





**મુખ્ય સમાચાર,રાજકોટ**

શહેરમાં સીટીબસના ચાલકો બેફામ રીતે ડ્રાઈવીંગ કરતા હોવાથી અવાર-નવાર અકસ્માતો સર્જાતા રહે છે. ત્યારે સીટીબસના ચાલકોએ વધુ બે અકસ્માત સર્જ્યા હતાં. માધાપર ચોકડી પાસે આરએમસીના ડે. ચીફ એકાઉન્ટ ના પિતાને બીઆરટીએસના ચાલકે ઉલાળતા ઉશ્કેરાયેલા ટોળાએ બસમાં તોડફોડ કરી હતી જ્યારે બીજા બનાવમાં કોઠારિયા ચોકડી પાસે વેપારીની કારને સીટીબસના ચાલકે ઠોકરે ચડાવતા કારમાં ૩૦ હજારનું નુકશાન થયું હતું. બંને ઘટના અંગે પોલીસે ફરિયાદ નોંધ વધુ તપાસ હાથ ધરી છે.

માધાપર ચોકડી નજીક પુરપાટ ઝડપે આવતી બીઆરટીએસના ચાલકે મહેન્દ્રભાઈ મણિલાલ ગાંધી (ઉ.વ.૬૩) નામના વૃધ્ધને ઠોકરે લેતા રોડ પર ફંગોળાયા હતા અને બસનું વ્હીલ પગ ઉપર ફરી વળતા પગ ચકદાવાથી લોહી લુહાણ થયા હતા બનાવના પગલે લોકોના ટોળા એકઠા થયા હતા અને બસ પર પથ્થર મારો કરી કાચ ફોડ્યા હતા. લોકોનો રોષ જોઈ બસ ચાલક ઉતરી રિક્ષામાં બેસી પલાયન થઈ ગયો હતો. જો કે ત્યાં હાજર જાગૃત નાગરિકોએ વિડીયો બનાવી સોશિયલ મીડિયામાં વહેતો કર્યો હતો. બનાવના પગલે કોઈએ ૧૦૮નેજાણ કરતા વૃધ્ધને તાકીદે ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. આરએમસીમાં ડે.ચીફ એકાઉન્ટન્ટ તરીકે ફરજ બજાવતા ભોગબનનારના પુત્ર અભિલાષભાઈ મહેન્દ્રભાઈ ગાંધીની ફરિયાદ પરથી પોલીસે બસ ચાલક સામે ગુનો નોંધી ઝડપી લેવા તજવીજ હાથ ધરી છે.

જયારે બીજા બનાવમાં રૈયાનાકા ટાવર પાસે દેવ કુંવરબા સ્કૂલ પાસે રહેતા વિશાલભાઈ રાજેશભાઈ શીંગાળા (ઉ.વ.૩૫) નામના વેપારી પોતાની કારમાં પરિવાર સાથે બહારગામ જતા હતા ત્યારે કોઠારીયા રોડ પર પહોંચતા પાછળથી આવતી સીટી બસના ચાલકે પુરપાટ ઝડપે હંકારી પાછળથી ઠોકર મારતા કારનો પાછળનો કાચ ફૂટી ગયો હતો, ડેકીના દરવાજામાં ખોબો પડી ગયો હતો. બ્રેક લાઈટ સહીતનો ભાગ તૂટી ગયો હતો. કુલ રૂ.૩૦,૦૦૦ જેટલું નુકસાન થયું હતું. કારની નુકશાનીનો ખર્ચ આપવાનું ડ્રાઈવરને કહેતાઆપવાની ના પાડતા યુવકે ૧૦૦ નંબરમાં પોલીસને ફોન કરી બોલાવતા પોલીસ આવી ગઈ હતી અને બસ ડ્રાઈવરને બસ લઈને આવવાનું કહેતા આજીડેમ પોલીસે લવાઈ હતી.

પોલીસે બસના ચાલક પ્રદીપ રાવતભાઈ લોખીલ (રહે-શુભમ સ્કૂલ સામે, નીલકંઠ ટોકીઝ સામે) વિરુધ્ધ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.